# જુલાઈ ૨૦૧૫

# Most IMP Current Affairs













Digital India
Power To Empower







Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

www.crackgpsc.com

# જુલાઈ ૨૦૧૫

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material




www.crackgpsc.com

# Most Imp Current Affairs – July 2015

## ➢ 1st week

- **અમેરિકન ડિફેન્સ ડિપાર્ટમેન્ટ વિશ્વનો સૌથી મોટો એમ્પ્લોયર: વર્લ્ડ ઇકોનોમિક ફોરમ**

  વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (વિશ્વ આર્થિક મંચ) દ્વારા પ્રકાશિત એક શોધ અનુસાર અમેરિકન સુરક્ષા વિભાગ 32 લાખ કર્મચારીઓ સહિત વિશ્વનો સૌથી મોટો એમ્પ્લોયર છે. ભારતીય રેલવે 14 લાખ કર્મચારીઓ સાથે દુનિયાના સૌથી મોટા એમ્પ્લોયર્સની યાદીમાં આઠમા ક્રમે છે જયારે નવમા સ્થાને ભારતીય સેનામાં 13 લાખ લોકોને રોજગારી પ્રાપ્ત છે. બીજા ક્રમે 23 લાખ કર્મચારીઓ સાથે પીપુલ્સ લિબરેશન આર્મી (ચીની સેના) તથા ત્રીજા ક્રમે 21 લાખ કર્મચારીઓ સાથે અમેરિકન સુપરમાર્કેટ વોલ-માર્ટ છે.

- **જયલલિતાએ ચેન્નઈ મેટ્રો રેલ સેવાના પ્રથમ ચરણનું ઉદઘાટન કર્યું**

  તમિલનાડુના મુખ્યમંત્રી જે. જયલલિતાએ ચેન્નઈ મેટ્રો રેલ સેવાના પ્રથમ ચરણનું ઉદઘાટન કર્યું. આ ચેન્નઈના દક્ષિણમાં સ્થિત અલાન્દુરને ઉત્તરના કોયમબેડુથી જોડે છે. આ મેટ્રો સેવાની શરૂઆતની સાથે જ ચેન્નઈ મેટ્રો સેવાવાળુ ભારતનું સાતમું શહેર બની ગયું. અન્ય છ શહેરોમાં કોલકાતા, દિલ્હી, બેંગલુરુ, ગુડગાંવ, મુંબઈ અને જયપુર સામેલ છે.

- **વૈજ્ઞાનિકો દ્વારા વિશ્વનું પ્રથમ નાજુક અને ત્વચા જેટલું પાતળુ ડિસ્પ્લે તૈયાર**

  યુનીવર્સીટી ઓફ સેન્ટ્રલ ફ્લોરીડાના (યુસીએફ) ભારતીય અમેરિકન વૈજ્ઞાનિક દેબાશીષ ચંદાના નેતૃત્વમાં વૈજ્ઞાનિકોની એક ટીમે પ્રકૃતિથી પ્રેરિત ટેકનીક દ્વારા વિશ્વનું પ્રથમ પૂર્ણ રંગ વાળુ, નાજુક અને પાતળુ ફિલ્મ ડિસ્પ્લે તૈયાર કર્યુ. આ ટેકનીક દ્વારા આપણે પોતાના કપડાના રંગને પળ વારમાં બદલી શકીએ છીએ. આ નવી શોધથી કપડા, ફેશન, ઘરગથ્થુ સામાન વગેરેમાં જરૂરિયાત મુજબ ફેરફાર કરી શકાય છે.

- **50 દેશોએ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંકના સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા**

  વિશ્વના 50 દેશોના પ્રતિનિધિઓએ ચીનના નેતૃત્વમાં સ્થાપિત થનાર એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (એઆઈઆઈબી) માટે કાનૂની રૂપરેખા નક્કી કરવાના હેતુથી સમજુતી કરી.

  **એઆઈઆઈબી :**

  ➢ બેંકની સત્તાવાર મૂડી 100 અબજ અમેરિકન ડોલર હશે.

www.crackgpsc.com

- એશિયન દેશ કુલ મૂડીના 75% સુધી યોગદાન આપશે.
- 100 અબજ અમેરિકન ડોલરમાં ચીન 29.78 અબજ અમેરિકન ડોલરનું યોગદાન આપશે જે કુલ ભંડોળના 30.34% છે.
- ભારતની આ બેંકમાં 6.5% ભાગીદારી હશે.
- આ બેંક આ વર્ષના અંત સુધી કાર્ય કરવાનું શરુ કરી દેશે.
- આ એશિયામાં ઇન્ફ્રાસ્ટ્રકચર નિર્માણને નાણાકીય રીતે પહોંચી વળવા માટે બનાવવામાં આવેલ છે.
- આનુ મુખ્યાલય બેઇજીંગમાં હશે.

- **આઈટીયુએ 5જી નેટવર્કની ગતિ 20 જીબીપીએસથી પરિભાષિત કરી**

  આંતરરાષ્ટ્રીય દૂરસંચાર સંઘે (આઈટીયૂ) પ્રતિ સેકંડ 20 જીબીપીએસને 5જી નેટવર્કની ગતિના રૂપે પરિભાષિત કર્યું છે. આ 4જીની 1 જીબીપીએસની તુલનાએ 20 ગણુ ઝડપી છે. આને આઈએમટી-2020 કહેવામાં આવશે. 3જી નેટવર્કને આઈએમટી-2000 અને 4જી નેટવર્કને આઈએમટી એડવાન્સ્ડ નામ આપવામાં આવ્યું હતું.

- **ભૂતપૂર્વ વડાપ્રધાન નરસિંહરાવનું સ્મારક એકતા સ્થળ, નવી દિલ્હીમાં નિર્મિત**

  ભૂતપૂર્વ વડાપ્રધાન પી. વી. નરસિંહરાવના સ્મારકનું નિર્માણ કાર્ય નવી દિલ્હીના એકતા સ્થળમાં સંપન્ન થઇ ગયું. પી. વી. નરસિંહરાવ (1921-2004) ભારતના દસમા વડાપ્રધાન હતા. તેમણે આર્થિક સુધારાઓની શરૂઆત કરી જેને નવી આર્થિક નીતિ (એનઈપી) અથવા રાવ-મનમોહન વિકાસ મોડલ તરીકે ઓળખવામાં આવે છે. તેમને પોતાના કાર્યકાળ દરમ્યાન લુક ઇસ્ટ પોલીસી નીતિ માટે ઓળખવામાં આવે છે.

- **ઇન્ડોનેશિયન વાયુસેનાનું પરિવહન વિમાન દુર્ઘટનાગ્રસ્ત**

  ઇન્ડોનેશિયન વાયુસેનાનું પરિવહન વિમાન હરક્યુલિસ સી-130 ઉડાન કર્યાની થોડી જ મિનિટ બાદ દુર્ઘટનાગ્રસ્ત થઇ ગયુ. આ દુર્ઘટનામાં 100થી વધુ લોકો માર્યા ગયા.

- **લખનૌર સાહિબ ગામમાં રાષ્ટ્રીય સ્તરનું શીખ સંગ્રહાલય બનાવવાની ઘોષણા**

  અંબાલા શહેર નજીક લખનૌર સાહિબ ગામમાં રાષ્ટ્રીય સ્તરનું શીખ સંગ્રહાલય બનાવવાની ઘોષણા કરવામાં આવી. લખનૌર સાહિબ શીખોના દસમા ગુરુ, ગુરુ ગોવિંદ સિંહની માતા સાથે જોડાયેલ છે.

કરન્ટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
2500 પ્રશ્નો જવાબ સહિત

www.crackgpsc.com

- **ઓરિસ્સામાં હાથી ગણતરી રિપોર્ટ-2015 પ્રસ્તુત**

  વન અને પર્યાવરણ મંત્રી વિક્રમ કેશરી અરુખ દ્વારા ઓરિસ્સાના હાથી ગણતરીનો રિપોર્ટ-2015 પ્રસ્તુત કરવામાં આવ્યો. રિપોર્ટ અનુસાર વર્ષ 2012માં હાથીઓની સંખ્યા 1930 હતી જે વર્ષ 2015માં વધીને 1954 થઇ ગઈ.

- **આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ દ્વારા વિકસિત રાષ્ટ્ર ગ્રીસ દેવાળીયું ઘોષિત**

  ગ્રીસ વિશ્વનું એવું પ્રથમ વિકસિત રાષ્ટ્ર બની ગયું છે જેને આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (IMF) દ્વારા દેવાળીયું ઘોષિત કરવામાં આવ્યું. આ ઘોષણા ગ્રીસ દ્વારા 1.7 અબજ ડોલરનું દેવું નિર્ધારિત સમયમર્યાદામાં ન ચૂકવી શકવાને કારણે કરવામાં આવી. હવે ગ્રીસ ફરીથી પોતાની જૂની મુદ્રા અપનાવવાની સ્થિતિમાં છે. ગ્રીસે વર્ષ 2001માં યુરોને અપનાવ્યું હતું.

- **ભારત-થાઈલેન્ડ વચ્ચે DTAT સહિત કેટલાક મહત્વના કરાર પર હસ્તાક્ષર**

  ભારત અને થાઈલેન્ડ વચ્ચે ડબલ ટેક્સેશન અવોઈડન્સ ટ્રીટી અને એક્સ્ટ્રાડીશન ટ્રીટીમાં સુધારા સહિત કેટલીક મહત્વપૂર્ણ સમજુતી પર હસ્તાક્ષર થયા. બંને દેશો વચ્ચે નાલંદા યુનિવર્સીટીની સ્થાપનાને લઈને પણ હસ્તાક્ષર થયા. દ્વિપક્ષીય સહયોગ માટે ભારત-થાઈલેન્ડ જોઈન્ટ કમિશનની સાતમી બેઠકમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજની યાત્રા દરમ્યાન કરાર કરવામાં આવ્યા.

- **કેન્દ્ર સરકારે લઘુત્તમ વેતન 160 રૂપિયા/દિવસ નક્કી કર્યું**

  કેન્દ્ર સરકારે નેશનલ ફ્લોર-લેવલ મીનીમમ વેજ (NFLMW) 160 રૂપિયા/દિવસ નક્કી કર્યું. આ પહેલાં આ રકમ 137 રૂપિયા/દિવસ હતી.

- **એસએમએસ ટેકનોલોજીના જનક મેટી મેકોનેનનું અવસાન**

  મોબાઈલ નેટવર્કના માધ્યમથી એસએમએસ (short messaging service, SMS) ટેકનીકના વિચારના જનક મેટી મેકોનેનનું અવસાન થઇ ગયું. મેટીએ આ વિચાર લંચ દરમ્યાન પીઝા ખાતાં ખાતાં ટેલીકોમ એક્સપર્ટ સામે મુક્યો હતો. ખરા અર્થમાં આ સેવાને ત્યારે શરુ કરવામાં આવી જયારે નોકિયાએ એસએમએસ લખવાની સુવિધાવાળો ફોન-નોકિયા 2010, 1994માં રજુ કર્યો.

- **વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજીટલ ઇન્ડિયા સપ્તાહનો શુભારંભ કર્યો**

  ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ડિજીટલ ઇન્ડિયા વીકની શરૂઆત કરી. આનો હેતુ ઓગષ્ટ 2014માં શરુ કરાયેલ ડિજીટલ ઇન્ડિયા કાર્યક્રમ હેઠળ શરુ કરવામાં આવેલ વિભિન્ન પગલાઓ વિષે લોકોને પ્રોત્સાહિત કરવા અને જાગૃતિ

www.crackgpsc.com

ફેલાવવાનો છે. ડિજીટલ ઇન્ડિયા ભારતને ડિજીટલી સક્ષમ સમાજમાં પરિવર્તિત કરનાર એક મહત્વાકાંક્ષી કાર્યક્રમ છે.

- **ઓનલાઈન રાષ્ટ્રીય કૃષિ બજારની સ્થાપનાને મંજુરી**

  કેન્દ્રીય મંત્રીમંડળે ઓનલાઈન રાષ્ટ્રીય કૃષિ બજારની સ્થાપનાને મંજુરી આપી. હાલમાં કોઈ અન્ય વિકલ્પ ઉપલબ્ધ ન હોવાને કારણે ખેડૂતો મંડીઓ અને બજાર સમિતિઓને પોતાના ઉત્પાદન વેચવા માટે બંધાયેલ છે. પરંતુ હવે ઓનલાઈન મંચ ખેડૂતોને દેશના કોઈ પણ ભાગમાં ફળ, શાકભાજી અને અન્ય ઉત્પાદનો ખરીદવા અને વેચવા માટે એક મંચ પ્રદાન કરશે.

- **'મ્હારા ગાંવ-જગમગ ગાંવ' યોજના હરિયાણામાં આરંભ**

  હરિયાણા સરકારે ગ્રામ્ય સ્થાનિક ગ્રાહકોને 24 કલાક અવિરત વીજ પુરવઠો પૂરો પાડવાના હેતુથી 'મ્હારા ગાંવ-જગમગ ગાંવ' યોજનાનો આરંભ કર્યો. રાજ્ય આ યોજના હેઠળ દરેક ગામમાં 15-20 લાખ રૂપિયા ખર્ચશે.

- **બલવિંદર કુમારે ખાણ સચિવનો કાર્યભાર સંભાળ્યો**

  બલવિંદર કુમારે ખાણ વિભાગના સચિવનો કાર્યભાર સંભાળી લીધો. આ પહેલાં કુમાર દિલ્હી વિકાસ સત્તામંડળના ઉપાધ્યક્ષ હતા.

- **યુ. પી. સિંહ ઓઈલ ઇંડિયા લિ.ના કામચલાઉ સીએમડી નિયુક્ત**

  કેન્દ્ર સરકારે યુ.પી.સિંહને ઓઈલ ઇંડિયા લિ.ના કામચલાઉ સીએમડી નિયુક્ત કર્યા. તેમણે એસ. કે. શ્રીવાસ્તવનું સ્થાન લીધું.

- **માતા દ્વારા બાળકમાં થતા HIV ટ્રાન્સમિશનને સમાપ્ત કરનાર પ્રથમ દેશ બન્યો ક્યુબા**

  વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના (WHO) ચીફ ડૉ. માર્ગરેટ ચાને ક્યુબાને વિશ્વનો પ્રથમ એવો દેશ ઘોષિત કર્યો જેણે માતા દ્વારા બાળકમાં થનાર એચઆઈવી અને સિફલીસના ટ્રાન્સમિશનને સમાપ્ત કરી દીધું.

- **રાહુલ યાદવ હાઉસિંગ ડોટ કોમ કંપનીના સીઈઓ પદથી બરખાસ્ત**

  રીઅલ એસ્ટેટ સાથે જોડાયેલ ઓનલાઈન હાઉસિંગ ડોટ કોમ કંપનીના નિદેશક બોર્ડે સહ-સંસ્થાપક અને સીઈઓ રાહુલ યાદવને બરખાસ્ત કરી દીધા. બોર્ડના કહેવા અનુસાર યાદવની CEO ના રૂપમાં વર્તણુક ઉચિત ન હતી.

- **વૈજ્ઞાનિક સંજીવ ગલાંડેને જીડી બિરલા પુરસ્કાર-2014 આપવાની ઘોષણા**

www.crackgpsc.com

ભારતના પ્રખ્યાત વૈજ્ઞાનિક સંજીવ ગલાંડેને પ્રતિષ્ઠિત જીડી બિરલા પુરસ્કાર 2014 આપવાની ઘોષણા કરવામાં આવી. તેમને આ પુરસ્કાર 'ઇપિજેનિટિક્સ અને મોલેક્યુલર સેલ બાયોલોજી'ના ક્ષેત્રમાં ઉલ્લેખનીય શોધ માટે આપવામાં આવ્યો.

**જીડી બિરલા પુરસ્કાર**

જીડી બિરલા એવોર્ડ કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા 1991થી દર વર્ષે આપવામાં આવે છે. આમાં દર વર્ષે ભારતમાં રહેનાર અને કામ કરનાર વૈજ્ઞાનિકને તેમની શોધ માટે સન્માનિત કરવામાં આવે છે. આ સન્માન 50 વર્ષથી નાની ઉંમરવાળી વ્યક્તિને આપવામાં આવે છે.

- **રાષ્ટ્રીય કૃષિ બજાર માટે ૨૦૦ કરોડ રૂપિયાની ફાળવણી**

  કેન્દ્રીય મંત્રીમંડળની આર્થિક બાબતોની સમિતિએ (CCEA) રાષ્ટ્રીય કૃષિ બજાર માટે 200 કરોડ રૂપિયા ફાળવ્યા. આ હેઠળ એગ્રો-ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ દ્વારા રાષ્ટ્રીય કૃષિ બજાર પ્રમોશનની કેન્દ્રીય ક્ષેત્રની યોજનાને મંજુરી આપી.

- **બ્લેક મની લો હેઠળ વિદેશી આવકની વિગતો આપવાની તારીખની ઘોષણા**

  કેન્દ્ર સરકારે 1 જુલાઈ 2015ના રોજ બ્લેક મની લો (અજ્ઞાત વિદેશી આવક) અને ટેક્સ ઈમ્પોઝન એક્ટ 2015 હેઠળ વિદેશી આવકની વિગતો આપવા માટે ત્રણ મહિના (30 સપ્ટેમ્બર 2015 સુધી)નો સમય આપ્યો. આ સમયાવધિમાં સંપત્તિની વિગતો આપનાર વ્યક્તિ મુકદમાથી બચી શકે છે. નોટિસ અનુસાર આ સુવિધાનો લાભ ઉઠાવવાથી 30% ટેક્સ તથા તેટલી જ રકમની પેનલ્ટી આપવી પડશે.

- **સર ફઝલ એ હસન આબિદને વિશ્વ ખાદ્ય પુરસ્કાર આપવાની ઘોષણા**

  વિશ્વ ખાદ્ય પુરસ્કાર ફાઉન્ડેશને બાંગ્લાદેશના સર ફઝલ એ હસન આબિદને વિશ્વ ખાદ્ય પુરસ્કાર 2015 આપવાની ઘોષણા કરી. આબિદ બાંગ્લાદેશની સાથે જ 10 દેશોમાં કાર્યરત બાંગ્લાદેશ રૂરલ એડવાન્સમેન્ટ કમિટી (BRAC) દ્વારા દાયકાઓ સુધી માનવ વિકાસના સેવક તરીકે પ્રખ્યાત છે. બાંગ્લાદેશ રૂરલ એડવાન્સમેન્ટ કમિટી 150000થી વધુ કર્મચારીઓ વાળુ વિશ્વનું સૌથી મોટું NGO છે જે રોજગાર, ગરીબી નાબુદી અને વિકાસ સંબંધી ગતિવિધિઓને આવરી લે છે.

**વિશ્વ ખાદ્ય પુરસ્કાર :**

વિશ્વ ખાદ્ય પુરસ્કાર એક આંતરરાષ્ટ્રીય પુરસ્કાર છે જે ખાદ્યની ગુણવત્તા માત્ર અને ઉપલબ્ધતામાં સુધારા દ્વારા માનવ વિકાસની પ્રગતિના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામ કરનારને આપવામાં આવે છે. આની સ્થાપના 1987માં વિશ્વ શાંતિ નોબલ પુરસ્કાર વિજેતા ડૉ. નાર્મન બોરલોગે કરી

www.crackgpsc.com

હતી. જોન રૂઆન તૃતીય વિશ્વ ખાદ્ય સંગઠનના અધ્યક્ષ છે. 1987માં આનો પ્રથમ પુરસ્કાર ડૉ. એમ.એસ.સ્વામિનાથનને આપવામાં આવ્યો હતો.

- **ભારતીય-અમેરિકન શિક્ષક દર્શન જૈન યુએસ રાષ્ટ્રપતિ પુરસ્કાર માટે નોમીનેટ**

  ઈલીનોઈસમાં ભારતીય મૂળના અમેરિકન શિક્ષક દર્શન જૈનને અમેરિકન રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ પ્રેસિડેંશિયલ એવોર્ડ ફોર એક્સેલેન્સ ઇન મેથેમેટિક્સ એન્ડ સાયન્સ ટીચિંગ માટે નોમીનેટ કર્યા. તેમને આ નોમીનેશન ગણિત અને વિજ્ઞાન શિક્ષણના ક્ષેત્રે ઉત્કૃષ્ટતા માટે આપવામાં આવ્યું. ગણિત અને વિજ્ઞાનના એવા કુલ 108 શિક્ષક છે, જેમને ગણિત અને વિજ્ઞાન શિક્ષણમાં ઉત્કૃષ્ટતા માટે પસંદ કરવામાં આવ્યા.

- **ચંદ્રશેખરન રામકૃષ્ણન ટાટા મોટર્સ ગ્રુપના CFO નિયુક્ત**

  સી. રામકૃષ્ણનને ભારતના સૌથી મોટા વાહન નિર્માતા ટાટા મોટર્સ ગ્રુપના મુખ્ય નાણાકીય અધિકારી નિયુક્ત કરવામાં આવ્યા. હવે ટાટા મોટર્સની તમામ સહાયક કંપનીઓ જેમકે જગુઆર, લેન્ડ રોવર અને ડેવુના સીએફઓ રામકૃષ્ણનને રિપોર્ટ કરશે. ટાટા મોટર્સ ભારતમાં વ્યવસાયિક વાહન બનાવનાર સૌથી મોટી કંપની છે. તેનું જુનું નામ ટેલ્કો (ટાટા એન્જીનિયરીંગ એન્ડ લોકોમોટીવ કંપની લિ.) હતું.

- **કેલ્ટ્રોનના સંસ્થાપક અધ્યક્ષ કે.પી. પી. નામ્બિયારનું નિધન**

  કેરળ રાજ્ય ઇલેક્ટ્રોનિક્સ વિકાસ નિગમ લિ.(કેલ્ટ્રોન)ના સંસ્થાપક અધ્યક્ષ કે. પી. પી. નામ્બિયારનું અવસાન થયું.

  **કે. પી. પી. નામ્બિયાર**

  કન્નુરના નિવાસી નામ્બિયારને ભારતના પ્રથમ રાજ્ય ઈલેક્ટ્રોનિક્સ સાહસ - કેલ્ટ્રોન અને ભારતના પ્રથમ આઈટી પાર્ક - ટેકનોપાર્કને સ્થાપિત કરવાનું શ્રેય જાય છે.

- **કેન્દ્રીય મંત્રીમંડળે વડાપ્રધાન કૃષિ સિંચાઈ યોજનાને મંજુરી આપી**

  કેન્દ્રીય મંત્રીમંડળે વડાપ્રધાન કૃષિ સિંચાઈ યોજના(પીએમકેએસવાય)ને મંજુરી આપી. જે હેઠળ પાંચ વર્ષ (2015-16થી 2019-20) માટે 50000 કરોડ રૂપિયાના ભંડોળની જોગવાઈ કરવામાં આવી છે. આમાં નાણાકીય વર્ષ 2015-16 માટે 5300 કરોડ ફાળવવામાં આવેલ છે. પીએમકેએસવાય યોજનાનો મુખ્ય હેતુ દેશના દરેક ખેતર સુધી કોઈ ને કોઈ માધ્યમથી સિંચાઈ સુવિધા સુનિશ્ચિત કરવાનો છે જેથી 'દરેક ટીંપે વધુ પાક'ને સફળ બનાવી શકાય.

- **નાસાએ મંગળ ગ્રહ માટે પ્રોટોટાઈપ એરક્રાફ્ટનું સફળ પરીક્ષણ કર્યું**

www.crackgpsc.com

નાસાએ મંગળ ગ્રહ માટે પ્રોટોટાઈપ એરક્રાફ્ટ Prandtl-D વિમાનનું સફળતાપૂર્વક ઉડાન પરીક્ષણ કર્યું. Prandtl-Dનો અર્થ છે મંગળ ગ્રહ પર લેન્ડ કરવા માટે પ્રારંભિક સુધારા એરોડાયનેમિક ડિઝાઈન તૈયાર કરવી. આને નાસાના આર્મસ્ટ્રોંગ ફ્લાઈટ રિસર્ચ સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ વૈજ્ઞાનિકોને ઉચ્ચ ક્વોલિટીના ફોટો મોકલશે જેનાથી તેઓ આંકડા તૈયાર કરવામાં સક્ષમ થશે.

- **કૌશલ્ય વિકાસ અને સાહસિકતા માટે રાષ્ટ્રીય નીતિ 2015ને મંજુરી**

કેન્દ્રીય મંત્રીમંડળે ભારતની પ્રથમ એકીકૃત રાષ્ટ્રીય નીતિ-કૌશલ્ય વિકાસ અને સાહસિકતા માટે રાષ્ટ્રીય નીતિ 2015ને મંજુરી આપી.

હેતુ :

- ➢ તમામ નાગરિકોની સ્થાઈ રોજગારી સુનિશ્ચિત કરવા માટે નાણું અને રોજગાર પેદા કરવા.
- ➢ નીતિમાં નિષ્પેક્ષતા પર ધ્યાન આપવામાં આવ્યું છે.
- ➢ મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ અને સાહસિકતા કાર્યક્રમો પર નીતિમાં ખાસ ધ્યાન આપવામાં આવેલ છે.

- **આર પોલ સિંહ GCHERA વિશ્વ કૃષિ પુરસ્કાર 2015 માટે નોમીનેટ**

ભારતીય મૂળના અમેરિકન પ્રો.આર પોલ સિંહને GCHERA વિશ્વ કૃષિ પુરસ્કાર 2015 માટે નોમીનેટ કરવામાં આવ્યા. આ પુરસ્કાર તેમને ફૂડ એન્જીનિયરીંગ સંશોધન, શિક્ષણ, વિકાસ, કન્સલ્ટેશન અને ટેકનોલોજી ટ્રાન્સફરના ક્ષેત્રમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે આપવામાં આવશે.

- **અનીસા રસુલી અફઘાનિસ્તાન સુપ્રીમ કોર્ટની પ્રથમ મહિલા ન્યાયાધીશ બની**

અફઘાનિસ્તાન સરકાર તરફથી રાષ્ટ્રપતિ અશરફ ગનીએ દેશની સુપ્રીમ કોર્ટમાં પ્રથમ વખત કોઈ મહિલા ન્યાયાધીશ તરીકે અનીસા રસુલીને નિયુક્ત કર્યા. અફઘાનિસ્તાનની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ દસ વર્ષનો હોય છે.



www.crackgpsc.com

- **વિશ્વ બેંક દ્વારા ઈડીએફસી પ્રોજેક્ટ માટે 65 કરોડ ડોલરની લોનને મંજુરી**

  વિશ્વ બેંક બોર્ડે ભારતના ઉત્તર હિસ્સાને પૂર્વીય હિસ્સા સાથે જોડનાર ઇસ્ટર્ન ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર (ઈડીએફસી)ને 65 કરોડ ડોલરની લોનની મંજુરી આપી. ઇસ્ટર્ન કોરીડોર 1840 કિમી લાંબો છે અને આ કોલકાતાથી લુધિયાણા વચ્ચે ફેલાયેલ છે.

- **એડીલેડ ક્રાઝ ટીમના કોચ ફિલ વોલ્શનું નિધન**

  ઓસ્ટ્રેલિયન ફૂટબોલ લીગની એડીલેડ ક્રાઝ ટીમના કોચ ફિલ વોલ્શ એડીલેડ સ્થિત પોતાના ઘરમાં મૃત મળી આવ્યા. દક્ષિણ ઓસ્ટ્રેલિયાની પોલીસ અનુસાર ફીલનું મૃત્યુ ચાકુના ઘાથી થયું છે.

- **મહિન્દ્રા ડિફેન્સે એરબસ હેલિકોપ્ટર્સ સાથે સમજુતી કરી**

  મહિન્દ્રા ડિફેન્સે યુરોપિયન એરોસ્પેસ કંપની એરબસ હેલિકોપ્ટર્સ સાથે મેક ઇન ઇન્ડિયા પહેલ હેઠળ સંયુક્ત સાહસ સ્થાપવા માટે સમજુતી કરી. આ સંયુક્ત સાહસ ભારતના સંરક્ષણ હેલિકોપ્ટર્સનું નિર્માણ કરવા માટે મહત્વપૂર્ણ છે.

- **HIV-1 સંક્રમણ વિરુદ્ધ ઇન્ટરલ્યુકીન 21 પ્રોટીનની મહત્વની શોધ**

  વૈજ્ઞાનિકોએ એવી શોધ કરી કે ઇન્ટરલ્યુકીન 21 પ્રોટીન, ઈમ્યુનો ડેફીશિયેન્સી વાયરસ-1 (HIV-1)ના ચેપને કંટ્રોલ કરવામાં એક મહત્વની ભૂમિકા ભજવે છે.

- **ફ્રાન્સની શેમ્પેઇન વાઈનયાર્ડ યુનેસ્કો દ્વારા વિશ્વ વિરાસત સ્થળ ઘોષિત**

  સંયુક્ત રાષ્ટ્ર શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંગઠન (યુનેસ્કો) દ્વારા ફ્રાન્સની શેમ્પેઇન હિલ્સ, મકાન અને ભોંયરાઓને વિશ્વ વિરાસતનો દરજ્જો અપાયો.

- **લુઇસ હેમિલ્ટને બ્રિટીશ ગ્રાં. પ્રિ. જીતી**

  ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન લુઇસ હેમિલ્ટને સતત બીજી વખત બ્રિટીશ ગ્રાં. પ્રિ.માં જીત મેળવી.

- **ભારતે બીજી વખત દક્ષિણ એશિયા બાસ્કેટ બોલ સ્પર્ધા જીતી**

  ભારતે શ્રીલંકાને હરાવીને બીજી વખત ચોથી દક્ષિણ એશિયા બાસ્કેટબોલ સ્પર્ધા (સાબા) જીતી. આ જીત બાદ ભારતે ફીબા એશિયા બાસ્કેટબોલ ચેમ્પિયનશિપ માટે પણ સ્થાન સુનિશ્ચિત કર્યું.

- **ચિલીએ કોપા અમેરિકા ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો**

  ચિલીએ આર્જેન્ટીનાને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવીને 99 વર્ષ બાદ કોપા અમેરિકા ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ જીત્યો. સૌથી વધુ વખત કોપા અમેરિકા કપ જીતવાનો રેકોર્ડ ઉરુગ્વે (15

www.crackgpsc.com

વખત) ના નામે છે.

- **ગ્રીસે જનમત સંગ્રહમાં બેલઆઉટ પેકેજને નકાર્યું**

  ગ્રીસની જનતાએ જનમત સંગ્રહમાં બેલઆઉટ પેકેજની માંગ (15.5 બિલીયન યુરો) ને નકારી દીધી. લેણદારોમાં સેન્ટ્રલ બેંક (ઈસીબી), યુરોપિયન યુનિયન (ઈયુ) તથા આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઈએમએફ) સામેલ છે. જનમત સંગ્રહ બાદ નાણા મંત્રી યાનિસ વરુફકિસે પદ પરથી રાજીનામુ આપી દીધું.

- **રાષ્ટ્રપતિએ રાષ્ટ્રપતિ નિલાયમ ગાર્ડનમાં નક્ષત્ર વાટિકાનું ઉદઘાટન કર્યું**

  રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ સિકંદરાબાદ સ્થિત બોલારમમાં રાષ્ટ્રપતિ નિલાયમ ગાર્ડનમાં નક્ષત્ર વાટિકાનું ઉદઘાટન કર્યું. આમાં રોપેલ છોડ ગ્રહો, રાશિઓ અને તારાઓનું પ્રતિનિધિત્વ કરે છે. કુલ 48 છોડ અને વૃક્ષો દ્વારા 9 ગ્રહો, 12 રાશિઓ તથા 27 નક્ષત્રોને દર્શાવવામાં આવેલ છે.

- **‘મોદીઝ વર્લ્ડ : એક્સ્પાન્ડીંગ ઈન્ડિયાઝ સ્ફિયર ઓફ ઇન્ફ્લુએન્સ’ પુસ્તક પ્રકાશિત**

  સી. રાજા મોહન દ્વારા લેખિત પુસ્તક ‘મોદીઝ વર્લ્ડ : એક્સ્પાન્ડીંગ ઈન્ડિયાઝ સ્ફિયર ઓફ ઇન્ફ્લુએન્સ’ (Modi’s World: Expanding India’s Sphere of Influence)ને હાપર કોલિન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. આ પુસ્તકમાં મુખ્ય રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિનું વર્ણન છે.

## ➢ 2nd week

- **ચીનના ભૂતપૂર્વ નાણામંત્રી જીન લીકુન AIIB ના પ્રથમ અધ્યક્ષ**

  ચીનના ભૂતપૂર્વ નાણામંત્રી જીન લીકુનને ચીનની અધ્યક્ષતામાં સ્થપાયેલ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક (AIIB)ના પ્રથમ અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા.

- **ઉબરે તેલંગાણા સરકાર સાથે સમજુતી પત્ર પર હસ્તાક્ષર કર્યા**

  એપ આધારિત ટેક્સી સેવા આપનાર ઉબરે આગામી પાંચ વર્ષ માટે તેલંગાણા સરકાર સાથે સમજુતી પત્ર પર હસ્તાક્ષર કર્યા. કરાર અનુસાર ઉબર આગામી પાંચ વર્ષમાં હૈદરાબાદમાં પાંચ કરોડ ડોલરનું રોકાણ કરશે. આ રોકાણ દ્વારા કંપની અહીં પોતાની સૌથી મોટી આંતરરાષ્ટ્રીય ઓફિસની સ્થાપના કરશે, જેમાં તેના સેંકડો કર્મચારી કામ કરશે. ઉબરે ભારતના સાત અન્ય શહેરોમાં પોતાની સેવાઓ શરુ કરી છે જેનાથી અમેરિકાની બહાર ભારત ઉબરનું બીજા નંબરનું સૌથી મોટું ભૌગોલિક બજાર બની ગયું છે.

www.crackgpsc.com

- **અમેરિકાએ ત્રીજી વખત મહિલા ફૂટબોલ વિશ્વ કપનો ખિતાબ જીત્યો**

  અમેરિકાએ જાપાનને હરાવીને ત્રીજી વખત મહિલા ફૂટબોલ વિશ્વ કપનો ખિતાબ જીત્યો. અમેરિકા મહિલા ફૂટબોલ વિશ્વ કપનો ખિતાબ ત્રણ વખત જીતનાર પ્રથમ દેશ બન્યો. અમેરિકાની કેપ્ટન કાર્લી લોયડ વિશ્વ કપ ફાઈનલમાં હેટ્રિક બનાવનાર પ્રથમ ખેલાડી બની.

- **અવિવાહિત મા પિતાની સ્વીકૃતિ વગર બાળકની અભિભાવક બની શકે છે : સુપ્રીમ કોર્ટ**

  સુપ્રીમ કોર્ટે કહ્યું કે અપરિણીત માતા પોતાના બાળકના પિતાની સ્વીકૃતિ વગર પોતે એકલી અભિભાવક બની શકે છે. માતાએ તેના પિતાની ઓળખાણ આપવાની પણ જરૂર નથી અને અભિભાવક બનવા માટેની અરજીમાં તેને પક્ષ બનાવવાની પણ જરૂર નથી.

- **મિતાલી રાજ 5000 રન બનાવનાર ભારતની પ્રથમ મહિલા ક્રિકેટર બની**



  ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મિતાલી રાજે ન્યુઝીલેન્ડ સામે ચોથી વન ડેમાં એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટના 5029 રન પૂર્ણ કર્યા. મિતાલી રાજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 5000 રન બનાવનાર ભારતની પ્રથમ તથા વિશ્વની બીજી મહિલા ખેલાડી બની. તેની પહેલાં ઇંગ્લેન્ડની ચાર્લોટ એડવર્ડ્સે મહિલા વન ડેમાં 5000 રન પૂર્ણ કર્યા હતા.

- **એચડીએફસી બેંકે 'વોચ બેન્કિંગ' એપ્પનો શુભારંભ કર્યો**

  દેશની બીજી સૌથી મોટી ખાનગી બેંક એચડીએફસીએ 'વોચ બેન્કિંગ' એપ્પનો શુભારંભ કર્યો. આ એપ્પ એપલ દ્વારા નિર્મિત ઘડિયાળો પર ચાલશે. આ સાથે એચડીએફસી બેંક ભારતમાં ઘડિયાળો પર બેંકીંગ સેવા ઉપલબ્ધ કરાવનાર વિશ્વની પ્રથમ બેંક બની ગઈ. આના માધ્યમથી ગ્રાહક ક્રેડીટ કાર્ડ, મોબાઈલ અને ડીટીએચ રિચાર્જ, ખાતાની માહિતી જેવી 10 બેંકીંગ સેવાઓનો લાભ ઉઠાવી શકે છે અને પોતાના નજીકના એટીએમની પણ માહિતી મેળવી શકશે.

- **ટિમોથી બ્રેડલી મુક્કેબાજીના નવા વર્લ્ડ ચેમ્પિયન**

  મુક્કેબાજી માટે ટિમોથી બ્રેડલીને વર્લ્ડ ચેમ્પિયન ખિતાબ આપવામાં આવશે. તેમને આ ખિતાબ ફ્લોયડ મેવેદરના સ્થાને આપવામાં આવી રહ્યો છે. નિયમ તોડવા અને નિયમોના ઉલ્લંઘન કરવાને કારણે વર્લ્ડ બોક્સિંગ ઓર્ગેનાઈઝેશન(ડબ્લ્યુબીઓ) દ્વારા ફ્લોયડ મેવેદર પાસેથી વેલ્ટરવેટ કેટેગરીનો વર્લ્ડ ચેમ્પિયન ખિતાબ પાછો લઈ લેવામાં આવ્યો. ડબ્લ્યુબીઓના નિયમો અનુસાર મુક્કેબાજે વિશ્વ કપની સ્પર્ધામાં ભાગ લેવા માટે પોતાની આવકનો ત્રણ ટકા ભાગ ફી રૂપે જમા કરવાનો હોય છે. મેવેદર દ્વારા આ રકમ ન ચૂકવવાને કારણે તેમની પાસેથી આ ખિતાબ પાછો લેવામાં આવ્યો.

www.crackgpsc.com

- **અરુણ સરીન ઓલાના ઇન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર નિયુક્ત**

  અરુણ સરીન એપ બેસ્ડ ટેક્સી સર્વિસ કંપની ઓલાના સ્વતંત્ર નિદેશક નિયુક્ત. આ પહેલાં સરીન વોડાફોન ગ્રુપ પીએલસીના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર રહી ચુક્યા છે. સરીન ઓલા વેપારી કૂટનીતિમાં સલાહકારની ભૂમિકા ભજવશે.

- **જોધપુર ફિલ્મ સોસાયટી પ્રીતિમન સરકાર પુરસ્કાર 2014-15થી સન્માનિત**

  જોધપુર ફિલ્મ સોસાયટીને ઉત્તર ક્ષેત્રમાં જાગૃતિ ફેલાવવા તથા ફિલ્મ પ્રશંસા માટે ચોથી વાર પ્રીતિમન સરકાર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી. આ પુરસ્કાર ફેડરેશન ઓફ ફિલ્મ સોસાયટી (ઉત્તર ક્ષેત્ર) દ્વારા આપવામાં આવ્યો.

- **ભારત અને ઉઝબેકિસ્તાને ત્રણ સમજુતી કરાર પર હસ્તાક્ષર કર્યા**

  ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે પર્યટન ક્ષેત્રે સહયોગ, બંને દેશોના વિદેશ મંત્રાલયો વચ્ચે સહયોગ, વર્ષ 2015-17 માટે સાંસ્કૃતિક સહયોગના આંતરસરકારી કાર્યક્રમ પર સમજુતી પર તાશ્કંદમાં હસ્તાક્ષર કરવામાં આવ્યા. નરેન્દ્ર મોદીએ મધ્ય એશિયન દેશોની પોતાની પ્રથમ યાત્રા દરમ્યાન ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ ઇસ્લામ કરીમોફ અને શવકત મિર્જિયોએવની પણ મુલાકાત લીધી.

- **શ્રીરામ કલ્યાણરમણ રાષ્ટ્રીય આવાસ બેંકના MD અને CEO**

  કેન્દ્ર સરકારે શ્રીરામ કલ્યાણરમણને રાષ્ટ્રીય આવાસ બેંકના MD અને CEO નિયુક્ત કર્યા. શ્રીરામ કલ્યાણરમણ ખાનગી ક્ષેત્રમાંથી સાર્વજનિક ક્ષેત્રની નાણાકીય સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત થનાર પ્રથમ વ્યક્તિ છે.

- **ભારત અને કઝાકિસ્તાન વચ્ચે પાંચ સમજુતી પર હસ્તાક્ષર**

  ભારત અને કઝાકિસ્તાને સજા પ્રાપ્ત વ્યક્તિઓના હસ્તાંતરણ, સુરક્ષા અને સૈન્ય સહાય, શારીરિક સાંસ્કૃતિક અને રમત ક્ષેત્રે સહયોગ, રેલવેમાં ટેક્નિકલ સહયોગ, પ્રાકૃતિક યુરેનિયમ પુરવઠા જેવી પાંચ સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા. આ સમજૂતી કઝાકિસ્તાનની રાજધાની અસ્તાનામાં નરેન્દ્ર મોદી અને કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ નૂરસુલતાન નજરબયેવ વચ્ચે થઇ.

- **પાંચમા યુવા ડેલ્ફિક રમતોત્સવની મેજબાની ગોવાને સોંપવામાં આવી**

  ગોવાને 5મા ડેલ્ફિક રમતોત્સવની મેજબાની સોંપવામાં આવી. આના આયોજનની સાથે જ ગોવા આ આંતરરાષ્ટ્રીય રમતોત્સવની મેજબાની કરનાર પ્રથમ ભારતીય રાજ્ય બની જશે. વર્ષ 2016ના આ રમતોત્સવનું આદર્શ વાક્ય (Moto) 'કલા અને સંસ્કૃતિ' છે. આ રમતોત્સવ દર ચાર



www.crackgpsc.com

વર્ષે યોજવામાં આવે છે. ભારતમાં આનુ પ્રથમ વખત આયોજન 1-14 ફેબ્રુઆરી, 2016 વચ્ચે થનાર છે.

### યુવા ડેલ્ફિક રમતોત્સવ

આને ઓલિમ્પિક રમતોત્સવની જુડવા બહેન કહેવામાં આવે છે. દેવતાઓની સ્તુતિ અને શાંતિનું સન્માન કરવા માટે 1000 વર્ષથી વધુ સમય પહેલા ડેલ્ફી, ગ્રીસમાં આ અસ્તિત્વમાં આવ્યું હતું. પરંતુ યુદ્ધના કારણે ઈ.સ.394માં આની ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય ડેલ્ફિક સમિતિની (International Delphic Council, IDC) રચના વર્ષ 1994માં કરવામાં આવી. આધુનિક સમયમાં આ રમતોત્સવને 1994માં શરુ કરવામાં આવ્યો.

- **રાહુલ ભટનાગર ભારતી એન્ટરપ્રાઈઝીસના એમડી અને સીએફઓ નિયુક્ત**

  રાહુલ ભટનાગરને ભારતી એન્ટરપ્રાઈઝીસના એમડી અને સીએફઓ નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ ભારતી એન્ટરપ્રાઈઝીસના અધ્યક્ષ સુનીલ ભારતી મિત્તલને રિપોર્ટ કરશે. રાહુલ ભટનાગરે મનોજ કોહલીનું સ્થાન લીધું. મનોજ કોહલીને ભારતી ગ્રુપના જ એક નવા સાહસ એસબીજી ક્લીનટેકના એક્ઝીક્યુટીવ ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યા.

- **વ્યવસાયિક મુક્કેબાજીને પ્રોત્સાહન આપવા આઈબીસીની શરૂઆત**

  ભારતમાં વ્યવસાયિક મુક્કેબાજીને પ્રોત્સાહન આપવા માટે ભારતીય મુક્કેબાજી પરિષદ (આઈબીસી) શરુ કરવામાં આવી. ભારતીય એમેચ્યોર મુક્કેબાજી મહાસંઘના ભૂતપૂર્વ મહાસચિવ બ્રિગેડીયર મુરલીધરન રાજાને આઈબીસીના પ્રથમ અધ્યક્ષ બનાવવામાં આવ્યા. આઈબીસી અનુસાર, જે પણ મુક્કેબાજ આઈબીસી સાથે કોન્ટ્રાક્ટ કરશે તેને વર્ષમાં ઓછામાં ઓછી ચાર ફાઈટ મળવાની ગેરંટી હશે અને વિજેતા માટે સામાન્ય ઇનામ રકમ છ લાખ રૂપિયા હશે.

- **કાશ્મીર: ધ બાજપેઈ યર્સ: એ. એસ. દુલત અને આદિત્યસિંહા**

  એ. એસ. દુલત અને આદિત્યસિંહા દ્વારા લિખિત પુસ્તક 'કાશ્મીર: ધ બાજપેઈ યર્સ' હાપર કોલિન્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું. આમાં જમ્મુ કાશ્મીરમાં સામાન્ય સ્થિતિ જાળવી રાખવા માટે 1998 અને 2004 વચ્ચે બાજપેઈ સરકાર દ્વારા શરુ કરવામાં આવેલ પહેલને કેન્દ્રિત કરવામાં આવી છે. એ. એસ. દુલત બાજપેઈ સરકાર દરમ્યાન રિસર્ચ અને એનાલિસિસ વિંગ (રો)ના પ્રમુખ હતા. સેવાનિવૃત્ત થયા બાદ તેઓ કાશ્મીર બાબતે વડાપ્રધાન કાર્યાલયમાં સલાહકાર હતા.

- **ઓપરેશન સ્માઈલ : લાપતા બાળકોને શોધવા માટે ઉત્તરાખંડ પોલિસનું અભિયાન**

www.crackgpsc.com

ઉત્તરાખંડ પોલિસના અભિયાન ઓપરેશન સ્માઈલના બીજા ચરણમાં 44 બાળકોને શોધવામાં આવ્યા. ઓપરેશન સ્માઈલ વર્ષ 2014માં ગાઝીયાબાદ પોલીસ દ્વારા લાપતા બાળકોને શોધવા માટે શરુ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ પોલીસે 30 દિવસમાં 227 લાપતા બાળકોને શોધીને તેમના ઘરે સુરક્ષિત પહોંચાડ્યા.

- **વિપ્રો દ્વારા ડેન્માર્કની ડિઝાઇન ફર્મ ડેસિગ્નિટનું અધિગ્રહણ**

  વિપ્રોની નવનિર્મિત કંપની વિપ્રો ડિજીટલે ડેન્માર્કની ડિઝાઇન ફર્મ ડેસિગ્નિટનું 594 કરોડ રૂપિયામાં અધિગ્રહણ કરવાની ઘોષણા કરી. ડેસિગ્નિટ સ્વાસ્થ્ય, ટેલીકોમ, બેંકિંગ તથા ઓટોમોટિવ સેક્ટરમાં સેવા આપે છે.

- **ભારત તથા અમેરિકાએ એફએટીસીએ લાગુ કરવા માટે સમજુતી કરી**

  ભારત અને અમેરિકાએ ફોરેન એકાઉન્ટ ટેક્સ કમ્પ્લાયંસ એક્ટ (FATCA) લાગુ કરવા માટે અંતર-સરકારી સમજુતી (IGA) પર હસ્તાક્ષર કર્યા. આ સમજુતી બંને દેશો વચ્ચે ટેક્સ સંબંધી બાબતોમાં પારદર્શકતાને પ્રોત્સાહન આપશે.

- **દેહરાદુનમાં સ્થાપિત કરવામાં આવી ભારતની પ્રથમ ભૂકંપ વોર્નિંગ સિસ્ટમ**

  ભૂકંપની સ્થિતિમાં લોકોના જીવ બચાવવાના હેતુથી દેશની પ્રથમ ભૂકંપ વોર્નિંગ સિસ્ટમ દેહરાદુન, ઉત્તરાખંડમાં સ્થાપવામાં આવી. આ સિસ્ટમનું નિર્માણ ઈટાલીયન ફર્મ 'સ્પેસ ડાઈનેમિક્સ' દ્વારા કરવામાં આવ્યું છે. આ સિસ્ટમ 5ની તીવ્રતાનો ભૂકંપ આવવાની સ્થિતિમાં 1થી 40 સેકન્ડ પહેલાં એલર્ટ આપી દેશે.

- **ભારતીય પારિસ્થીતીકી નિષ્ણાત ડૉ. કમલ બાવા રોયલ સોસાયટીમાં સામેલ**

  ભારતના જૈવ અને પર્યાવરણ વૈજ્ઞાનિક ડૉ. કમલ બાવાને રોયલ સોસાયટી માટે ચૂંટવામાં આવ્યા. ડૉ. બાવાની પસંદગી સંરક્ષણ વિજ્ઞાનમાં નોંધનીય યોગદાન માટે કરવામાં આવી. રોયલ સોસાયટી વિજ્ઞાનના વિકાસને ગતિ આપવા માટે સ્થાપિત વિદ્વાનોની સંસ્થા છે. ડૉ. કમલ બાવા ભારતમાં કર્ણાટકના બેંગલુરુ સ્થિત બિન-સરકારી થિંક ટેંક, અશોકા ટ્રસ્ટ ફોર રિસર્ચ ઇન ઇકોલોજી એન્ડ એન્વાયરમેન્ટના સંસ્થાપક અને તેના અધ્યક્ષ છે.

- **વિશ્વ બેંકે સ્ટેટ સેફટી નેટ 2015 રિપોર્ટ રજુ કર્યો**

  વિશ્વ બેંકે સ્ટેટ સેફટી નેટ 2015 રિપોર્ટ રજુ કર્યો. આ રિપોર્ટમાં 157 દેશોની અર્થવ્યવસ્થાઓ અને પ્રદેશોમાં સામાજિક સુરક્ષા તંત્રના કાર્યક્રમો માટે કરવામાં આવેલ ખર્ચ તથા તેના લાભાર્થી જૂથો વિષે તુલનાત્મક વિશ્લેષણ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

www.crackgpsc.com

**રિપોર્ટમાં ભારતની પરિસ્થિતિ:**

- **જનની સુરક્ષા યોજના (JSY)** -78 મિલિયન લાભાર્થીઓ સાથે કંડીશનલ કેશ ટ્રાન્સફર (CCT) કેટેગરીમાં સૌથી મોટી યોજના.
- **મધ્યાહન ભોજન યોજના (MDM)** – 105 મિલિયન લાભાર્થીઓ સાથે શાળાઓમાં ભોજન આપવાની કેટેગરીમાં સૌથી મોટો કાર્યક્રમ.
- **મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા)** – 182 મિલિયન લાભાર્થીઓ સાથે લોક નિર્માણ કાર્યક્રમ કેટેગરીમાં સૌથી મોટી યોજના.
- **ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધાશ્રમ પેન્શન યોજના (IGNOAPS)** – 21 મિલિયન લાભાર્થીઓ સાથે અનકંડીશનલ કેશ ટ્રાન્સફર(UCT) કેટેગરીમાં બીજી સૌથી મોટી યોજના.

- **ફીફા રેન્કિંગમાં આર્જેન્ટીના ટોચ પર, ભારત 156મા ક્રમે**

ફીફા દ્વારા પ્રસ્તુત રેન્કિંગ અનુસાર આર્જેન્ટીના પ્રથમ સ્થાને છે. આ રેન્કિંગમાં ભારત 156મા સ્થાને છે. બીજા સ્થાને જર્મની છે.

- **બંધન બેંકે બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ઘોષણા કરી**

બંધન બેંક લિ.એ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ઘોષણા કરી. આઝાદી બાદ પૂર્વ ભારતમાં શરુ થનાર આ પ્રથમ બેંક હશે.

- ડૉ.અશોક કુમાર લાહિરી, ભૂતપૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર, ભારત સરકાર : ચેરમેન
- ચંદ્રશેખર ઘોષ, સંસ્થાપક, બંધન ફાયનાન્સિઅલ સર્વિસેસ લિ. : એમ ડી અને સીઈઓ

**બંધન બેંક લિ.:**

બંધન બેંકની શરુઆત ભારતમાં એવું પ્રથમ ઉદાહરણ છે કે જેમાં માઈક્રોફાયનાન્સ સંસ્થાનું પરિવર્તન એક વિશ્વવ્યાપી બેંક તરીકે થયું છે. પોતાના ભૂતપૂર્વ સ્વરૂપમાં, બંધન ફાયનાન્સિઅલ સર્વિસેસ લિ.એ 2001માં મહિલા સશક્તિકરણ દ્વારા, ગરીબી દૂર કરવાની દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપવાના હેતુથી એક નાની શરૂઆત કરી. આ બેંક એક નોન-બેન્કીંગ નાણાકીય કંપની તરીકે RBIમાં રજીસ્ટર્ડ છે. તેનું સંચાલન 22 ભારતીય રાજ્યોમાં 2,022 શાખાઓના નેટવર્ક દ્વારા ફેલાયલ છે.



www.crackgpsc.com

- **બ્રિકસ દેશોએ 100 અબજ ડોલરની વિદેશી હૂંડિયામણ અનામત સમજુતી પર હસ્તાક્ષર કર્યા**

બ્રિકસ દેશોએ બ્રિકસ સેન્ટ્રલ બેંક માટે 100 બિલિયન અમેરિકન ડોલરની સમજુતી પર હસ્તાક્ષર કર્યા. બ્રિકસ સેન્ટ્રલ બેંક ફંડની સ્થાપના બ્રિકસ ગ્રુપના પાંચ દેશોએ (બ્રાઝિલ, રશિયા, ચીન, દ. આફ્રિકા અને ભારત) કરી છે જેથી કરીને ડોલર પ્રવાહમાં કોઈ પ્રકારની મુશ્કેલીમાં એક બીજાની મદદ કરી શકે. આમાં સૌથી વધુ યોગદાન (41 અબજ ડોલર) ચીન કરશે. ભારત આમાં 18 અબજ ડોલરનું યોગદાન કરશે. બ્રિકસ બેંકના પ્રથમ પ્રમુખ જાણીતા ભારતીય બેંકર કે. વી. કામત હશે.




- **7મું બ્રિકસ શિખર સંમેલન રશિયાના ઉફામાં સંપન્ન**

7મું બ્રિકસ શિખર સંમેલન (2015) રશિયાના ઉફામાં સંપન્ન થયું. બ્રિકસ (BRICS) સંમેલન 2015નો વિષય 'બ્રિકસ ભાગીદારી-વૈશ્વિક વિકાસ માટે શક્તિશાળી કારક' છે. આમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન, ચીનના રાષ્ટ્રપતિ શિ જીનપિંગ, દ. આફ્રિકાના રાષ્ટ્રપતિ જેકબ જુમા અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ ડેલ્મા રોસેફે ભાગ લીધો. સંમેલનના અંતે બ્રિકસ દેશોએ ઉફા ઘોષણા-પત્ર પ્રસ્તુત કર્યું. આમાં પડકારોનો જવાબ આપવામાં સહિયારો પ્રયાસ, શાંતિ અને સુરક્ષા, સભ્ય દેશો વચ્ચે સ્થાઈ વિકાસની વાત જણાવવામાં આવી. 8મુ શિખર સંમેલન વર્ષ 2016માં નવી દિલ્હીમાં યોજાનાર છે.

**બ્રિકસ**

બ્રિકસ શબ્દનો પ્રથમ વખત ઉપયોગ વર્ષ 2001માં ઈન્ટરનેશનલ ઇન્વેસ્ટર ફર્મ ગોલ્ડમેન સેક્સ દ્વારા કરવામાં આવ્યો હતો. બ્રિકસના સભ્ય દેશો બ્રાઝિલ, રશિયા, ચીન, દ. આફ્રિકા અને ભારત છે. બ્રિકસ દેશોના નેતાઓની પ્રથમ શિખર બેઠક 2009માં રશિયાના યેકોતેરીનબર્ગ શહેરમાં યોજવામાં આવી હતી. બ્રિકસ દેશના પાંચ દેશો પાસે દુનિયાની વસ્તીના 40% અને વિશ્વનો ¼ ભૂભાગ છે. જીડીપીમાં બ્રિકસના પાંચ દેશોનો 40% ભાગ છે.

- **ભારત અને પાકિસ્તાન શંઘાઈ સહયોગ સંગઠનના પૂર્ણ સભ્ય તરીકે સામેલ થશે**

ભારત અને પાકિસ્તાનને શંઘાઈ સહયોગ સંગઠન(એસસીઓ)ના પૂર્ણ સભ્ય તરીકે સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ભારતને 2005માં એસસીઓનું સુપરવાઈઝર બનાવવામાં આવ્યું હતું. અમુક પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ ટેક્નિકલ રૂપે વર્ષ 2016માં ભારત તેનું પૂર્ણ સભ્ય બની જશે.

**શંઘાઈ સહયોગ સંગઠન**

શંઘાઈ સહયોગ સંગઠન એક ક્ષેત્રીય આંતરરાષ્ટ્રીય સંગઠન છે. આની સ્થાપના ચીન, રશિયા, કઝાકિસ્તાન, તજાકિસ્તાન, કિર્ગિસ્તાન અને ઉઝબેકિસ્તાનના નેતાઓ દ્વારા શંઘાઈમાં 2001માં કરવામાં આવી હતી.

- **ડૉ. એ પી જે અબ્દુલ કલામે 'રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાન'નો શુભારંભ કર્યો**

  ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામે રાષ્ટ્રીય આવિષ્કાર અભિયાનનો શુભારંભ નવી દિલ્હીમાં કર્યો. આ અભિયાનનો હેતુ બાળકોમાં વિજ્ઞાન અને ગણિત માટે ઉત્સુકતા, સર્જનતા અને પ્રેમની ભાવનાનો સમાવેશ કરવાનો છે.

- **નાસા દ્વારા અમેરિકાની પ્રથમ કોમર્શિયલ સ્પેસ ફ્લાઈટ માટે 4 અંતરિક્ષયાત્રીઓની પસંદગી**

  નાસાએ અમેરિકાની પ્રથમ કોમર્શિયલ સ્પેસ ફ્લાઈટ માટે ચાર અંતરિક્ષ યાત્રીઓ પસંદ કર્યા. અંતરિક્ષ યાત્રી અને પાયલોટ રોબર્ટ બેનકેન, એરિક બો, ડગ્લસ હર્લે તથા સુનીતા વિલિયમ્સ, ધ બોઇંગ કંપની તથા સ્પેસ એક્સ સાથે મળીને આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનના ચાલક દળને પરિવહન સેવાઓ પૂરી પાડવા માટે પ્રોજેક્ટ પર કામ કરશે.

- **કગિસો રબાદા પહેલી જ વન ડેમાં હેટ્રિક બનાવનાર વિશ્વના બીજા ખેલાડી બન્યા**

  દક્ષિણ આફ્રિકાના ફાસ્ટ બોલર કગિસો રબાદા પોતાની પ્રથમ મેચમાં જ હેટ્રિક બનાવનાર વિશ્વના બીજા તથા દક્ષિણ આફ્રિકાના પ્રથમ ખેલાડી બન્યા. આ પહેલાં પોતાની પ્રથમ વન ડે મેચમાં હેટ્રિક બનાવનાર વિશ્વના પ્રથમ ખેલાડી બાંગ્લાદેશના તાઈજુલ ઇસ્લામ છે. રબાદાએ 6 વિકેટ લઈને માત્ર 16 રન આપ્યા. આ વન ડે મેચમાં પ્રથમ મેચ રમી રહેલ કોઈ ખેલાડીનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ પહેલાં આ રેકોર્ડ વેસ્ટઇન્ડિઝના ફિદેલ એડવર્ડ્સના નામે હતો, જેમણે 2003માં ઝિમ્બાબ્વે સામે 22 રન બનાવીને 6 વિકેટ લીધી હતી.

- **અમેરિકાએ ટ્યુનીશીયાને 16મા મુખ્ય નોન-નાટો સહયોગી તરીકે નોમીનેટ કર્યું**

  યુએસે ઔપચારિક રીતે ટ્યુનીશીયાને 16મા મુખ્ય નોન-નાટો સહયોગી તરીકે નોમીનેટ કર્યું. આ અમેરિકન સરકાર દ્વારા પોતાના એવા નજીકના સહયોગીઓને આપવામાં આવનાર દરજ્જો છે જેના અમેરિકાના સૈન્યો સાથે વ્યુહાત્મક સંબંધો તો છે પરંતુ તેઓ ઉત્તર એટલાન્ટીક સંધિ સંગઠન (નાટો)ના સભ્ય નથી.

- **ઈસરોએ પાંચ બ્રિટીશ ઉપગ્રહો સફળતાપૂર્વક લોન્ચ કર્યા**

  PSLV-C28 રોકેટની મદદથી ઈસરોએ પાંચ બ્રિટીશ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી સન-સિંક્રોનસ કક્ષામાં સફળતાપૂર્વક સ્થાપિત કર્યા. આ ઈસરોનું અત્યાર સુધીનું સૌથી મોટું વ્યવસાયિક લોન્ચિંગ છે. આ ઉપગ્રહ ત્રણ એક સમાન ડીએમસી-3 ઓપ્ટીકલ અર્થ

સુપરવાઈઝિંગ સેટેલાઈટ અને બે સહાયક ઉપગ્રહ : સીબીએન ટી-1 (CBNT-1) અને ડી ઓર્બીટ-સેલ (De-OrbitSail) હતા. પોલર સેટેલાઈટ લોન્ચિંગ વ્હીકલનું (PSLV) આ અત્યાર સુધીનું સૌથી વજનદાર કોમર્શિયલ (1440 કિગ્રા) મિશન છે. ભારતની PSLV શ્રેણી હેઠળ આ 30મુ લોન્ચિંગ છે. અત્યાર સુધી ભારત 40 કોમર્શિયલ વિદેશી સેટેલાઈટ્સ લોન્ચ કરી ચુક્યું છે. PSLVની આ 29મી સફળ ઉડાન હતી, જે એક રેકોર્ડ છે. આ પહેલાં PSLVનાં 28 મિશન સફળ રહ્યાં અને એક અસફળ રહ્યું. ભારતે પોતાનું પ્રથમ કોમર્શિયલ વ્હીકલ શ્રીહરિકોટાથી જ 1997માં લોન્ચ કર્યું હતું.

**PSLV**

PSLV ઈસરો દ્વારા સંચાલિત એક સેટેલાઈટ સિસ્ટમ છે. ભારતે આને પોતાના રીમોટ સેન્સીંગ સેટેલાઈટને સન-સિંક્રોનસ ઓર્બીટમાં લોન્ચ કરવા માટે વિકસાવ્યું છે. આને દુનિયાના સૌથી વિશ્વસનીય સેટેલાઈટ વ્હીકલ તરીકે ઓળખવામાં આવે છે.

**મુખ્ય ઉપયોગ**

આ ઉપગ્રહ પૃથ્વીની સપાટી પર રોજ કોઈ પણ લક્ષ્યનો ફોટો લઇ શકે છે. આનો મુખ્ય ઉપયોગ પૃથ્વી પર સંસાધનો અને તેના પર્યાવરણનું સર્વેક્ષણ કરવું અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ છે.

- **ભારત અને તુર્કમેનિસ્તાન વચ્ચે સાત એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા**

નરેન્દ્ર મોદીએ તુર્કમેનિસ્તાનના રાષ્ટ્રપતિ ગુરબંગુલી બર્દેમુખામેદેવ સાથે તાપી પરિયોજના સહિત સાત સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા. આ સમુજુતીઓ સુરક્ષા, રાસાયણિક ઉત્પાદનોના પુરવઠા, વિદેશી બાબતો, રમત, સાયન્સ એન્ડ ટેકનોલોજી, દવા અને પર્યટન ક્ષેત્રે કરવામાં આવ્યા છે.

**તાપી પરિયોજના:**

10 અબજ ડોલરના ખર્ચે થનાર તાપી (તુર્કમેનિસ્તાન-અફઘાનિસ્તાન-પાકિસ્તાન-ભારત) પરિયોજનાનું લક્ષ્ય તુર્કમેનિસ્તાનથી અફઘાનિસ્તાન થઈને ભારત અને પાકિસ્તાનને ગેસ પૂરો પાડવાનું છે. તાપી પરિયોજનામાં પ્રાકૃતિક ગેસ ભંડારને ચાર દેશોમાં 1800 કિમી લાંબી પાઈપલાઈન નાખવામાં આવનાર છે. આના દ્વારા 3.2 અબજ ઘન ફૂટ પ્રાકુતિક ગેસ દર વર્ષે તુર્કમેનિસ્તાનથી અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને ત્યાર પછી ભારતમાં આવશે. આ કુદરતી ગેસ તુર્કમેનિસ્તાનના ગાલખામિશ ગેસ ફિલ્ડમાંથી નીકાળવામાં આવશે. અહીં 16 અબજ ઘન ફૂટ ગેસ છે. દુનિયામાં કુદરતી ગેસ ભંડારની દ્રષ્ટિએ તુર્કમેનિસ્તાન ચોથો સૌથી મોટો દેશ છે.

- **'ગ્રીન સિગ્નલ્સ : ઇકોલોજી ગ્રોથ એન્ડ ડેમોક્રેસી ઇન ઇંડિયા'નું વિમોચન**



www.crackgpsc.com

જયરામ રમેશ દ્વારા લખવામાં આવેલ પુસ્તક 'ગ્રીન સિગ્નલ : ઇકોલોજી ગ્રોથ એન્ડ ડેમોક્રેસી ઇન ઇંડિયા'નું વિમોચન કરવામાં આવ્યું. આમાં એક નિર્ણાયકની દ્રષ્ટિએ ભારતમાં પર્યાવરણ નીતિ બનાવવાની પ્રક્રિયા પર પ્રકાશ પાડવામાં આવેલ છે.

- **સાનિયા અને હિંગિસે વિંબલડન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા યુગલનો ખિતાબ જીત્યો**

  ભારતની સાનિયા મિર્ઝા અને સ્વિઝરલેન્ડની માર્ટીના હિંગિસની જોડીએ વિંબલડન ટેનિસ ટુર્નામેન્ટ-2015નો મહિલા યુગલનો પુરસ્કાર જીત્યો. આ જીત સાથે સાનિયા મિર્ઝા વિંબલડન ટેનિસ ટુર્નામેન્ટનો મહિલા યુગલનો પુરસ્કાર જીતનાર અને તેની ફાઇનલમાં પ્રવેશ કરનાર પ્રથમ ભારતીય મહિલા ખિલાડી બની ગઈ.

- **અમિતોજ છાબડાએ યુએસ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2015નો જુનિઅર ખિતાબ જીત્યો**

  ભારતીય મૂળના અમેરિકન અમિતોજ છાબડાએ યુએસ પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશિપ 2015નો જુનિઅર ખિતાબ જીત્યો.

- **'બુદ્ધા ઇન અ ટ્રેફિક જામે' મેડ્રિડ ફિલ્મ ફેસ્ટિવલમાં સર્વશ્રેઠ પટકથાનો પુરસ્કાર જીત્યો**

  ફિલ્મકાર વિવેક અગ્નીહોત્રી ધ્વારા નિર્દેશિત ફિલ્મ 'બુદ્ધા ઇન અ ટ્રેફિક જામ'ને સ્પેનમાં આયોજીત મેડ્રિડ ફિલ્મ ફેસ્ટિવલની વિદેશી ભાષાની શ્રેણીમાં સર્વશ્રેષ્ઠ પટકથાનો પુરસ્કાર આપવામાં આવ્યો.

- **ભ્રષ્ટાચારના આરોપમાં મુબઇનો રણજી ખિલાડી હીકેન શાહ સસ્પેન્ડ**

  બીસીસીઆઈએ ભ્રષ્ટાચારના આરોપસર મુબઈ (મહારાષ્ટ્ર)ના રણજી ખિલાડી હિકેન શાહને સસ્પેન્ડ કર્યો. હિકેન શાહ પર આરોપ છે કે તેણે રાજસ્થાન રૉયલના પ્રવિણ તાંબેનો મેચ ફિક્સિંગ માટે સંપર્ક કર્યો હતો.

- **નોવાક જોકોવિચે પુરુષ એકલ વિમ્બલડન ખિતાબ જીત્યો**

  વિમ્બલડન ટેનિસ ટુર્નામેન્ટમાં નોવાક જોકોવિચે રોજર ફેડરરને હરાવીને પુરુષ એકલનો, અમેરિકન ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સે મહિલા એકલનો ખિતાબ જીત્યો. ભારતના ટેનિસ સ્ટાર લિએન્ડર પેસે પોતાની સ્વિસ પાર્ટનર માર્ટિના હિંગિસ સાથે મળીને ડબલ્સનો ખિતાબ જીત્યો. ભારતના સુમિત નાગલ અને વિયેતનામના નામ હોઆંગ લીની જોડીએ વિમ્બલડન ટેનિસ ટુર્નામેન્ટનો બોઇઝ ડબલ્સનો ખિતાબ જીત્યો.

- **ભારત અને કિર્ગીસ્તાને ચાર સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા**

www.crackgpsc.com

ભારત અને કિર્ગીસ્તાને દ્વિપક્ષીય સંબંધોને મજબુત કરવા માટે સુરક્ષા, ચૂંટણી, માપદંડોની બાબતોમાં સહયોગ અને સાંસ્કૃતિક સહયોગ જેવી ચાર સમજૂતીઓ પર હસ્તાક્ષર કર્યા. વડાપ્રધાન મોદીએ અશ્ગાબાતમાં મહાત્મા ગાંધીની મૂર્તિનું અનાવરણ પણ કર્યું.

- **વોડાફોન ટેક્સ સંબંધી કેસમાં મધ્યસ્થતા માટે રોડ્રીગો ઓરેઅમુનો વકીલ નિયુક્ત**

  કેન્દ્ર સરકારે પોતાના તરફથી બ્રિટન ટેલિકોમ કંપની વોડાફોનના 20000 કરોડ રૂપિયાના ટેક્સ સંબંધી કેસ માટે મધ્યસ્થતા માટે આંતરરાષ્ટ્રીય વકીલ રોડ્રીગો ઓરેઅમુનોની નિમણુક કરી. ઓરેઅમુનોની નિમણુક ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ આર. સી. લાહોટીના સ્થાને થઇ છે જેઓ આ કેસમાંથી હટી ગયા હતા.

- **ટાટા સ્ટીલના વેસ્ટ બોકારો ડીવીઝનને 'ગોલ્ડન પીકોક એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ એવોર્ડ'**

  ટાટા સ્ટીલના વેસ્ટ બોકારો ડીવીઝનને વર્ષ 2015 માટે 'ગોલ્ડન પીકોક એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ એવોર્ડ'થી નવાજવામાં આવ્યું. આ પુરસ્કાર પર્યાવરણ વ્યવસ્થાપન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ માટે આપવામાં આવે છે.

- **ટેનિસ ખેલાડી સોમદેવ દેવવર્મને એટીપી ચેલેન્જર ટુર ખિતાબ જીત્યો**

  ભારતીય ટેનિસ ખેલાડી સોમદેવ દેવવર્મને અમેરિકામાં રમાયેલ એટીપી ચેલેન્જર ટુરનો ખિતાબ જીત્યો. આ તેમની કારકિર્દીનો પાંચમો ખિતાબ છે.

- **ભારત અને જ્યોર્જિયા વચ્ચે ચૂંટણી વ્યવસ્થાપનમાં સહયોગ માટે સમજુતી**

  ભારત અને જ્યોર્જિયાએ ચૂંટણી વ્યવસ્થા તથા વહીવટમાં સહયોગ માટે એક સમજુતી જ્ઞાપન પર હસ્તાક્ષર કર્યા. આ સમજુતી જ્ઞાપન પર ભારતના મુખ્ય ચૂંટણી અધિકારી નસીમ ઝૈદી તથા જ્યોર્જિયાના કેન્દ્રીય ચૂંટણી પંચના અધ્યક્ષ તામાર જહવાનિયાએ હસ્તાક્ષર કર્યા.

- **ટેંક ભેદી મિસાઈલ નાગનું હેલિકોપ્ટર પ્લેટફોર્મથી પ્રાયોગિક પરીક્ષણ**

  ભારતે ટેંક વિરોધી મિસાઈલ નાગનું હેલિકોપ્ટર પ્લેટફોર્મથી પ્રાયોગિક પરીક્ષણ કર્યું. હેલિના 'નાગ'નું હેલિકોપ્ટરથી છોડી શકાય તેવું સંસ્કરણ છે. તેને DRDO (Defence Research and Development Organisation)એ IGMDP (Integrated Guided Missile Development Program) અંતર્ગત વિકસિત કર્યું છે.

- **સંગીતકાર એમ એસ વિશ્વનાથનનું નિધન**

  દક્ષિણ ભારતના જાણીતા સંગીતકાર એમ એસ વિશ્વનાથનનું નિધન થયું. ટી. કે. રામમૂર્તિ અને એમ. એસ. વિશ્વનાથનની જોડીએ દક્ષિણ ભારતની ઘણી મશહુર ફિલ્મોમાં સંગીત આપ્યું છે.

www.crackgpsc.com

- **કેન્દ્રીય નાગરિક ઉડયન મંત્રાલયે 'ગગન' પ્રણાલીનો પ્રારંભ કર્યો**

કેન્દ્રીય નાગરિક વિમાન મંત્રી પી. અશોક ગજપતિ રાજુએ વિમાન લેન્ડિંગ અને ટેકઓફને સચોટ અને સરળ બનાવવા માટે સ્વદેશી ગગન પ્રણાલીનો પ્રારંભ કર્યો. આ પ્રણાલી જમીન ઉપકરણોની મદદ વગર વિમાનને રન વે પર સુરક્ષિત રીતે ઉતારવામાં મદદ કરે છે. ભવિષ્યમાં ટ્રેનો, બસો, અને સમુદ્રી જહાજોના સુરક્ષા સંચાલન ઉપરાંત કૃષિ રક્ષા અને સુરક્ષા તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે પણ ઘટનાસ્થળની સચોટ આકારણીમાં પણ આ પ્રણાલી મદદરૂપ સાબિત થશે.

**ગગન પ્રણાલી**

'ગગન'નું પૂરુ નામ જીપીએસ એડેડ જિયો ઓગમેન્ટેડ નેવીગેશન છે. આ **પ્રણાલી** વિમાનને જમીનથી ઉપર લઈ જવામાં અથવા ઉપરથી નીચે લાવવામાં ઊંચાઈની સચોટ આકારણી કરવામાં પાઇલટ માટે ઘણું ઉપયોગી છે. આ પ્રકારની પ્રણાલી અત્યાર સુધી અમેરીકા પાસે 'વાસ' રૂપે તથા યુરોપ પાસે 'ઇગનોસ' રૂપે છે. આના લોન્ચિંગ સાથે ભારત એ દેશો (અમેરીકા, યુરોપીય સંઘ અને જાપાન) ની ક્લબમાં સામેલ થઈ ગયુ છે, જેની પાસે આ પ્રકારની પ્રણાલી છે. ગગન ટેકનોલોજીને કારણે વિમાનો સાથે વારંવાર સંપર્ક માટે ટાવર સિસ્ટમના ભરોસે નહી રહેવું પડે. દરેક વિમાનને લગતી તમામ માહીતી ઉપગ્રહના માધ્યમથી ઉપલબ્ધ થશે. ગગનને ઇસરો તથા એરપોર્ટ ઓથોરીટી ઓફ ઇન્ડિયાએ સયુક્ત રૂપે વિકસિત કરેલ છે.

- **ભારતના બિલિયર્ડસ અને સ્નૂકર મહાસંઘના ભૂતપૂર્વ અધ્યક્ષ પશુપતિનાથ રાયનું નિધન**

ભારતના બિલિયર્ડસ અને સ્નૂકર મહાસંઘના (Billiards and Snooker Federation of India, BSFI) ભૂતપૂર્વ અધ્યક્ષ પશુપતિનાથ રાયનું નિધન થયેલ છે. તેઓ થોડા સમય માટે બિલિયર્ડસ અને સ્નૂકર મહાસંઘના સચિવ અને સલાહકાર પણ રહ્યા હતા.

- **લેફ્ટનન્ટ જનરલ મનમોહનસિંહ રાય ભારતીય સેનાના ઉપ-પ્રમુખ તરીકે નિયુકત**

લેફ્ટનન્ટ જનરલ મનમોહનસિંહ રાય (Lieutenant General Man Mohan Singh Rai)ને ભારતીય સેનાના ઉપ-પ્રમુખ (Vice-Chief of the Indian Army) તરીકે નિયુકત કરવામાં આવ્યા. તેઓ 31 જુલાઇ 2015ના દિવસે સેવાનિવૃત થઇ રહેલ લેફ્ટનન્ટ જનરલ કમ્પોસનું(Lt Gen Philip Campose) સ્થાન લેશે.

- **કેરોસીન પર કુલ 12 રૂપિયા/લિટર સબસીડી આપવાનો નિર્ણય**

ભારત સરકારે સાર્વજનિક રેશનીંગની દુકાનોમાં વેચતા કેરોસીન પર લિટર દીઠ 12 રૂપિયા સબસીડી આપવાનો નિર્ણય કર્યો. હાલમાં કેરોસીનની વાસ્તવિક કિંમત 33.47 રૂપિયા/લિટર છે,

www.crackgpsc.com

જયારે આમ જનતાને આ 14.96 રૂપિયા/લિટરના દરે વેચવામાં આવે છે. તેલ કંપનીઓને 18 રૂપિયા/લિટરનું નુકસાન થાય છે. આમાં 12 રૂપિયાની ભરપાઈ સરકાર કરશે જયારે બાકીનું ઓએનજીસી, ઓઈલ ઇંડિયા તથા ખાણ અને ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓ ભોગવશે.

- **રાકેશ સાહની નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટીના અધ્યક્ષ નિયુક્ત**

મધ્યપ્રદેશ સરકારે રાકેશ સાહનીને નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટી(એનવીડીએ)ના અધ્યક્ષ નિયુક્ત કર્યા. નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટી મધ્યપ્રદેશ રાજ્ય સરકારનું બહુહેતુક યોજના સંગઠન છે. નર્મદા નદી ભારતની પાંચમી સૌથી મોટી નદી છે. આ ભારતીય દ્વીપકલ્પની પશ્ચિમમાંથી વહેતી સૌથી મોટી નદી છે.

- **ભારતની સૌથી લાંબી પટનીટોપ ટનલ વર્ષ 2016 સુધી તૈયાર થઇ જશે**

પટનીટોપ ટનલ : જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જીલ્લામાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર આવેલ પટનીટોપ ટનલ (ચેનાની-નાશરી ટનલ) ભારતની સૌથી લાંબી સડક ટનલ તરીકે ઓળખાય છે. આ ટનલ વર્ષ 2016 સુધી તૈયાર થઇ જશે. 9.2 કિમી લાંબી આ ટનલ પ્રસ્તાવિત જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગનો ભાગ છે. આનાથી જમ્મુ તથા શ્રીનગર વચ્ચેનું અંતર ઘટીને લગભગ 30 કિમી થઇ જશે.

## ➢ 3rd week

- **તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં 12 દિવસના ગોદાવરી મહાપુષ્કરમનો આરંભ**

14 જુલાઇ 2015ના રોજ ગોદાવરી નદીના કિનારે 12 દિવસ સુધી ચાલનાર ગોદાવરી મહાપુષ્કરમ ઉત્સવનો આરંભ થયો.

**ગોદાવરી પુષ્કરમ :**

આ એક પવિત્ર તહેવાર છે. જે 12 વર્ષમાં ભારતની 12 નદીઓના કિનારે ઉજવવામાં આવે છે, ગોદાવરી આમાની એક છે. આમાં નદીની પૂજા કરવામાં આવે છે. દર 12 વર્ષે બૃહસ્પતિનો નક્ષત્રમાં પ્રવેશ થતા ગોદાવરીના કિનારે પુષ્કરમ ઉજવાય છે. ગોદાવરી પુષ્કરમ 12 વર્ષમાં એક વાર આવે છે. જ્યારે મહાપુષ્કરમ 144 વર્ષમાં એકવાર આયોજન કરવામાં આવે છે. દક્ષિણ ભારતનો કુંભમેળો પુષ્કરમ તરીકે ઓળખાય છે.

- **'ચેન્નાઈ સુપરકિંગ્સ' અને 'રાજસ્થાન રોયલ' બે વર્ષ માટે સસ્પેન્ડ**

સુપ્રિમ કોર્ટે આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કેસમાં આઈપીએલ ફ્રેન્ચાઇઝી ચેન્નાઇ સુપરકિંગ્સ અને રાજસ્થાન રોયલને બે વર્ષ માટે સસ્પેન્ડ કરી. બીસીસીઆઈના ભૂતપૂર્વ અધ્યક્ષ એન.

www.crackgpsc.com

શ્રીનિવાસનના જમાઈ ગુરુનાથ મયપ્પન અને રાજસ્થાન રોયલના માલિકોમાંના એક રાજ કુંદ્રાને (સટ્ટાબાજીમાં સામેલ થવાના કારણે) ક્રિકેટ સંબંધી કોઇ પણ પ્રકારની મેચ માટે આજીવન પ્રતિબંધિત કર્યા. સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ આર. એમ. લોઢાની અધ્યક્ષતાવાળી કમિટી દ્વારા તપાસ રિપોર્ટના આધારે ઉપર મુજબનો નિર્ણય આપવામાં આવ્યો.

- **અમૃતસરથી રાષ્ટ્રવ્યાપી હૃદય યોજનાનો શુભારંભ**

  શહેરી વિકાસ મંત્રાલયે અમૃતસરથી દેશનાં 12 શહેરો માટે રાષ્ટ્રીય વિરાસત વિકાસ અને સંવર્ધન યોજના (હૃદય, HRIDAY) નો શુભારંભ કર્યો.

  **હૃદય (HRIDAY) :**

  આ યોજનાથી દેશનાં પસંદ કરેલ 12 શહેરોના સાંસ્કૃતિક વારસાને ફરીથી જીવંત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. કેન્દ્ર આ પ્રોજેક્ટ માટે 12 શહેરોને 500 કરોડ રૂપિયા આપશે. આ પૂર્ણ સ્વરૂપે સરકાર દ્વારા ફન્ડેડ યોજના હશે અને આમાં વિરાસત સ્થળો પર પર્યટકોને આકર્ષવા માટે વધુમાં વધુ સુવિધાઓ આપવામાં આવશે. આ યોજના હેઠળ દ્વારકાને 22.26 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા.

- **'મેક ઇન ઇન્ડિયા' પહેલે આર્થિક વિકાસ નવાચાર એવોર્ડ 2015 જીત્યો**

  'ફ્રોસ્ટ એન્ડ સુલિવાન' યુએસએએ ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન માટે મેક ઇન ઇન્ડિયા પહેલને એશિયાનો પ્રશાંત આર્થિક વિકાસ નવાચાર: નીતિ અને કાર્યક્રમ અમલીકરણ ઉત્કૃષ્ટતા પુરસ્કાર-2015 આપ્યો.

- **ઈરાનની પરમાણુ કાર્યક્રમ સમજુતી પર ઈરાન અને પી-5 દેશો વચ્ચે સહમતિ**

  ઈરાન અને પી-5+1 દેશો - અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ચીન, રશિયા અને જર્મનીએ ઈરાન પરમાણુ કાર્યક્રમ સમજુતી પર સહમત થયા. આ સમજુતીને Joint Comprehensive Plan of Action (JCPA) અથવા 'વિયેના સમજુતી' નામ આપવામાં આવ્યું.

  **વિયેના સમજુતી:**

  આનાથી ઈરાનની પરમાણુ ગતિવિધિઓ પર અંકુશ મુકાશે અને તે માટે પરમાણુ બોમ્બનો વિકાસ કરવો મુશ્કેલ થઇ જશે. ઈરાન પર મુકાયેલ હથિયારોની ખરીદીનો પ્રતિબંધ હટાવી લેવામાં આવશે. ઈરાનને ઉન્નત આઈઆર-6 અને આઈઆર-8 મશીન સહિત તમામ પ્રકારના સેન્ટ્રીફ્યુઝ પર રિસર્ચ કરવાની અને તેને વિકસિત કરવાની છૂટ મળી રહેશે. ઈરાન ઓગ્મેન્ટેડ યુરેનિયમ ભંડારને આંશિક રીતે આંતરરાષ્ટ્રીય બજારમાં વેચી શકશે અને અમુકનું ઇંધણમાં રૂપાંતર કરશે. સમજુતીમાં વ્યવહારદક્ષ યુરેનિયમ ભંડારને 96% સુધી ઘટાડવાનું અને પોતાના

તમામ પ્લાન્ટ્સને આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો માટે ખુલ્લા મુકવાનું સામેલ છે. સમજુતી અમલમાં આવતાં જ અમેરિકા અને યુરોપીય સંઘ દ્વારા ઈરાન પર મુકાયેલ આર્થિક અને નાણાકીય પ્રતિબંધો હટાવી લેવામાં આવશે. પ્રતિબંધો ત્યારે જ હટાવવામાં આવશે જયારે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એવો રિપોર્ટ આપશે કે ઈરાને કરેલ વાયદા પૂર્ણ કરવાનું શરુ કરી દીધું છે.

- **નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળો મહારાષ્ટ્રમાં આરંભ**

  નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળો 14 જુલાઈ 2015ના રોજ શરુ થઇ ગયો. આ એક વર્ષ સુધી ચાલશે. આ મહોત્સવ દુનિયાનો સૌથી મોટી શાંતિપૂર્ણ સભા તરીકે ઓળખાય છે. નાશિક-ત્ર્યંબકેશ્વર સિંહસ્થ કુંભ મેળો 12 વર્ષે એક વાર યોજાય છે.

  **કુંભ મેળો:**

  કુંભ મેળો ચાર સ્થળોમાંથી એક સ્થળે દર ત્રણ વર્ષે યોજાય છે. આ સ્થળો છે: હરિદ્વાર, અલ્લાહાબાદ (પ્રયાગ), નાશિક અને ઉજ્જૈન. આથી કુંભ મેળો આમાંથી દર સ્થળે 12 વર્ષે યોજાય છે. આ ચાર સ્થળોની નદીઓ છે – હરિદ્વારમાં ગંગા, અલ્લાહાબાદમાં ગંગા, યમુના અને પૌરાણિક સરસ્વતીનો સંગમ, નાશિકમાં ગોદાવરી અને ઉજ્જૈનમાં ક્ષિપ્રા. અર્ધ કુંભ મેળો માત્ર બે સ્થળે : હરિદ્વાર અને અલ્લાહાબાદમાં દર છઠ્ઠા વર્ષે યોજાય છે.

- **ભારતીય રિઝર્વ બેંકે ફાયનાન્સિઅલ ઇન્ક્લુઝન પર સમિતિની રચના કરી**

  ભારતીય રિઝર્વ બેંકે દીપક મોહંતીની અધ્યક્ષતામાં ફાયનાન્સિઅલ ઇન્ક્લુઝન પર 14 સભ્યોની એક સમિતિની રચના કરી. આનો હેતુ ફાયનાન્સિઅલ ઇન્ક્લુઝનની મિડ ટર્મ (પાંચ વર્ષ) વ્યાપક કાર્યયોજના તૈયાર કરવાનો છે.

- **સૈયદ હૈદર રઝા ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત**

  આધુનિક ભારતીય ચિત્રકાર સૈયદ હૈદર રઝાને ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ધ લીજન ઓફ ઓનર'થી સન્માનિત કરવામાં આવ્યા. હૈદર રઝા 2010માં ભારતના સૌથી મોંઘા આધુનિક કલાકાર બની ગયા જયારે ક્રિસ્ટીની હરાજીમાં તેમનું 'સૌરાષ્ટ્ર' નામનું એક સર્જનાત્મક ચિત્ર 16.42 કરોડ રૂપિયામાં વેચાયું.

  **'ધ લીજન ઓફ ઓનર'**

  આ ફ્રાન્સનું સર્વોચ્ચ નાગરિક સન્માન છે. આને ધ કમાંડયોર ડી લા લાગિન ડ ઓનર (the Commandeur de la Lgion dHonneur) કે 'ધ લીજન ઓફ ઓનર' (the Legion of Honour)

કહે છે. આ સન્માનની શરૂઆત નેપોલિયન બોનાપાર્ટે વર્ષ 1802માં કરી હતી. આ પુરસ્કાર ફ્રાન્સ માટે ઉત્કૃષ્ટ સેવા માટે આપવામાં આવે છે, પછી ભલે વિજેતાની કોઈ પણ નાગરિકતા હોય.

- **કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ વિભાગે ફેસબુક સાથે '#100 મહિલાઓ પહેલ' શરૂ કરી**

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ વિભાગે ફેસબુક સાથે ભારતમાં સફળતા મેળવનારી 100 મહિલાઓની ઓળખ માટે '#100 મહિલાઓ પહેલ' શરૂ કરી. સોશિયલ મીડિયાના માધ્યમથી 100 સફળ મહિલાઓની પસંદગી કરવા માટેની એક સ્પર્ધા થશે. વિજેતાઓની ઘોષણા ડિસેમ્બર 2015માં કરવામાં આવશે.

- **નાસાનું ન્યુ હોરાઈઝન્સ પ્લુટો નજીક પહોંચ્યું**

નાસાના અંતરિક્ષ યાન ન્યુ હોરાઈઝન્સે પ્લુટો નજીક પહોંચવાનો રેકોર્ડ બનાવ્યો.

**ન્યુ હોરાઈઝન્સ:**

આનો હેતુ પ્લુટો, તેના ચંદ્રમાઓ અને તેના ક્વિપર બેલ્ટ પર હાજર અવયવોનો તથા એક કે તેથી વધુ ક્વિપર બેલ્ટના પ્રદર્શનનો અભ્યાસ કરવાનો છે.

- **સબ-એટમિક પાર્ટીકલ પેંટાક્વાર્કની હાજરીની શોધ**

યુરોપીયન ન્યુક્લિયર રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના વૈજ્ઞાનિકોની ટીમે વિશાળ હેડ્રન કોલાઇડરના પ્રયોગ દરમ્યાન એક વિશેષ સબ-એટમિક પાર્ટીકલ પેંટાક્વાર્કની હાજરીની શોધ કરી જે અત્યાર સુધી માત્ર સૈદ્ધાંતિક રૂપે જ હતું.

**પેંટાક્વાર્ક :**

પેંટાક્વાર્ક પાંચ ક્વાર્કોથી (ચાર ક્વાર્ક અને એક એંટી કવાર્ક) બનેલ એક ઉપ પરમાણુ કણ છે. પેંટાક્વાર્ક શબ્દનો પ્રયોગ પ્રથમ વખત વર્ષ 1987માં હેરી જે લિપકીન દ્વારા કરવામાં આવ્યો હતો. બે શોધકર્તાઓ મુર્રે જેલ મેન તથા જ્યોર્જ વિગે સ્વતંત્ર રીતે શોધ કરવા ઉપરાંત કવાર્કની હાજરી વિષે ઘોષણા કરી હતી.




www.crackgpsc.com

- **રાષ્ટ્રીય સરકારમાં વિશ્વાસની બાબતે ભારત 40 દેશોમાં બીજા સ્થાને**

  ‘ગવર્નમેન્ટ એટ અ ગ્લાન્સ-2015’ રિપોર્ટ અનુસાર વર્ષ 2014માં રાષ્ટ્રીય સરકારમાં વિશ્વાસની બાબતે ભારત 40 દેશોમાં બીજા સ્થાને રહ્યું. રિપોર્ટમાં સ્વીત્ઝરલેન્ડ પ્રથમ અને નોર્વે ત્રીજા સ્થાને છે.

- **રાષ્ટ્રીય ઇન્ટર સ્ટેટ સિનીયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં કેરલ પ્રથમ સ્થાને**

  55મી રાષ્ટ્રીય ઇન્ટર સ્ટેટ સિનીયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ચેન્નાઈમાં આયોજિત કરવામાં આવી. આમાં કેરલ 177.5 અંક સાથે સંયુક્ત ટીમ અંક (પુરુષ અને મહિલા) સાથે તાલિકામાં સૌથી ઉપર રહ્યું. સ્પર્ધામાં પુવમ્માને સર્વશ્રેષ્ઠ મહિલા એથ્લેટ ઘોષિત કરવામાં આવી.

- **પીપીપી મોડલ હેઠળ બનેલ ભારતની પ્રથમ રેલવે લાઈનનું ગુજરાતમાં ઉદઘાટન**

  રેલવે મંત્રી સુરેશ પ્રભુએ પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલ હેઠળ બનેલ ભારતની પ્રથમ રેલવે લાઈનનું ગુજરાતમાં (ગાંધીધામથી ટુના ટેકરા બંદર) ઉદઘાટન કર્યું.

- **માઈક્રોસોફ્ટે કરી ‘ડિજીટલ ભારત’ પહેલમાં વ્હાઈટ-ફાઈ ટેકનોલોજીના પ્રયોગની ઘોષણા**

  માઈક્રોસોફ્ટે ‘ડિજીટલ ભારત’ પહેલમાં વ્હાઈટ-ફાઈ ટેકનોલોજીના પ્રયોગની ઘોષણા કરી. આ ટેકનોલોજી લગભગ એક અબજ એવા ભારતીયોને મફત વાઈ-ફાઈ કનેક્ટિવિટી પ્રદાન કરશે જેઓ અત્યાર સુધી નેટની સેવાઓથી વંચિત છે.

  **વ્હાઈટ-ફાઈ ટેકનોલોજીની વિશેષતાઓ –**

  વ્હાઈટ-ફાઈ ટેકનોલોજી ટેલીવિઝનના પ્રસારણ માટે ઉપયોગમાં લેવાતા સ્પેક્ટ્રમમાં અનયુઝડ વર્ઝન્સનો પ્રયોગ કરે છે. આ અનયુઝડ સ્પેક્ટ્રમને વિજ્ઞાનની ભાષામાં ‘વ્હાઈટ સ્પેસ’ કે ‘ટીવી વ્હાઈટ સ્પેસ ટેકનોલોજી’ કહેવામાં આવે છે. વ્હાઈટ-ફાઈ ટેક્નિકમાં 200થી 300 મેગાહર્ટઝ આવૃત્તિના સ્પેક્ટ્રમની મદદથી 10 કિમીના અંતર સુધી વાઈ-ફાઈ ટેકનિકનો પ્રયોગ થઇ શકે છે જયારે વર્તમાનમાં વાઈ-ફાઈ ટેકનિકની મર્યાદા 100 મીટર છે. આ સૌર ઉર્જા પર પણ કાર્ય કરી શકે છે.

- **પ્રથમ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ ઉજવવામાં આવ્યો**

  15 જુલાઈ 2015ના રોજ વિશ્વ સ્તરે પ્રથમ વખત વિશ્વ યુવા કૌશલ્ય દિવસ (WYSD) ઉજવવામાં આવ્યો. આ જીવન તથા કાર્યોમાં યુવા કૌશલ્યના મહત્વના એજન્ડા સાથે ઉજવવામાં આવ્યો.

- **ફ્લિપકાર્ટે એરિક લૈંગને ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા**

www.crackgpsc.com

ભારતની સૌથી મોટી રિટેલર કંપની ફ્લિપકાર્ટે એરિક લૈંગને પ્રોડક્શન મેનેજમેન્ટના ઉપાધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા.

- **ગોવામાં ભારતના સૌથી પ્રાચીન બંદરના અવશેષ શોધાયા**

  ગોવાની જુઆરી નદી પર ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્વના બંદરના અવશેષો શોધવામાં આવ્યા. આ બંદર પશ્ચિમ તટ પર વેપારનું સૌથી જુનું પ્રમાણ છે. આનુ નિર્માણ ઈ.પૂ. 3500થી ઈ.પૂ. 1000 વચ્ચે અનુમાનિત કરવામાં આવ્યું છે.

- **કેન્દ્રીય મંત્રીમંડળે 400 રેલ્વે સ્ટેશનોના પુનઃવિકાસને મંજુરી આપી**

  કેન્દ્રીય મંત્રીમંડળે સ્વિસ ચેલેંજ પદ્ધતિના માધ્યમથી 400 સ્ટેશનોના પુનઃવિકાસને મંજુરી આપી.

  **'સ્વિસ ચેલેન્જ પદ્ધતિ'**

  'સ્વિસ ચેલેન્જ પદ્ધતિ' અનુસાર, કોઈ પણ રિઅલ એસ્ટેટ કારોબારી રેલવે સ્ટેશનોના પુનઃવિકાસનો એક વિસ્તૃત પ્રસ્તાવ તૈયાર કરી આપશે જેને વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવશે. ત્યાર બાદ કોઈ બીજો એ પ્રસ્તાવમાં કંઇક નવુ ઉમેરીને વધુ સારો પ્રસ્તાવ આપશે તો તેને સ્વીકારવામાં આવશે. રેલવેની એક નિષ્ણાત કમિટી તે તમામ પ્રસ્તાવોમાં સર્વશ્રેષ્ઠ પ્રસ્તાવને અલગ કરશે. જે મુજબ ડેવલપરને સ્ટેશન પરિસરનો વિકાસ પોતાના ખર્ચે કરવાનો રહેશે જેને રેવન્યુમાં ભાગીદારીના માધ્યમથી વસુલવામાં આવશે.

- **વડાપ્રધાને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના શરુ કરી**

  વડાપ્રધાને યુવાનો માટે પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના શરુ કરી. આ કાર્યક્રમનો હેતુ 2015-16 દરમ્યાન 24 લાખ યુવાનોને કૌશલ્ય તાલીમ પૂરી પાડવાનો છે. આમાં શ્રમ બજારમાં પ્રવેશનાર અને ધોરણ 10 અને 12નો અભ્યાસ છોડી દીધેલ યુવાનો પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

- **નેટ તટસ્થતા પર એ. કે. ભાર્ગવ સમિતિનો રિપોર્ટ પ્રસ્તુત કર્યો**

  દૂરસંચાર વિભાગ દ્વારા નેટ તટસ્થતા પર એ. કે. ભાર્ગવ સમિતિનો રિપોર્ટ રજુ કરવામાં આવ્યો. સમિતિએ સૂચવ્યું છે કે નેટ તટસ્થતાના મૂળ સિદ્ધાંતોનું પાલન થવું જોઈએ. આ ઉપરાંત સમિતિએ રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યવસાયોના હિતમાં વધુ સલાહ આપી.

- **ભારતીય અમેરિકન સુનીતા વિશ્વનાથ 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ'થી સન્માનિત**

  ભારતીય અમેરિકન મહિલા સુનીતા વિશ્વનાથને અમેરિકાના વ્હાઈટ હાઉસ દ્વારા 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ'થી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને પર્યાવરણ સુરક્ષા માટે હિંદુઓને પ્રોત્સાહિત કરવાના

www.crackgpsc.com

તેમના કાર્ય માટે પસંદ કરવામાં આવ્યાં. સુનીતા 'વિમેન ફોર અફગાન વિમેન' અને 'સાધના: કોલીઝન ઓફ પ્રોગ્રેસીવ હિંદુઝ'નાં સહ-સંસ્થાપક અને સમિતિના સભ્ય છે.

- **આઈએનએસ અસ્ત્રવાહિની 31 વર્ષ બાદ સેવામુક્ત**

  સ્વદેશ નિર્મિત ટોરપીડો પ્રક્ષેપણ તથા રીકવરી શીપ આઈએનએસ અસ્ત્રવાહિનીને 31 વર્ષ સુધી દેશ સેવામાં કાર્યરત રહ્યા બાદ સેવામુક્ત કરવામાં આવ્યું. આ પોતાના વર્ગનું એક માત્ર શીપ હતું જેનો એનએસટીએલ દ્વારા મોટા પાયે પ્રયોગાત્મક ધોરણે ઇન્ડિયન નેવી દ્વારા ટોરપીડો લોન્ચ કરવા માટે પ્રયોગ કરવામાં આવ્યો.

- **ફોટોકૂલમાં થયેલ આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ બાદ કેમેરુન દ્વારા બુરખા પર પ્રતિબંધ**

  ફોટોકૂલમાં થયેલ આત્મઘાતી બોમ્બ વિસ્ફોટ બાદ કેમેરુન દ્વારા બુરખા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો. આ સિવાય કેમેરુનની ઉત્તરમાં રહેનાર મુસલમાનોનો રમઝાન પૂર્ણ થવા પર પરવાનગી વિના સમારંભ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો.

- **CCEAએ 7 રાજ્યોમાં આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ બનાવવાની મંજુરી આપી**

  આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિએ (CCEA) 7 રાજ્યોમાં આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ બનાવવાની મંજુરી આપી. આ સાત રાજ્યો છે : આંધ્રપ્રદેશ, ગુજરાત, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન. આના અંતર્ગત 7800 ckt-kms (સર્કિટ કિલોમીટર)થી વધુની સ્થાપના કરીને લગભગ 17100 MVAની કુલ ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સાથે વિભિન્ન વોલ્ટેજ સ્તરો માટે 48 નવા ગ્રીડ ઉપ-કેન્દ્રો સ્થાપવાનું સામેલ છે.

- **RBIએ સેન્ટ્રલ બેંક ઓફ શ્રીલંકા સાથે સ્પેશિયલ કરન્સી સ્વાઈપ સમજુતી કરી**

  RBIએ સેન્ટ્રલ બેંક ઓફ શ્રીલંકા સાથે સ્પેશિયલ કરન્સી સ્વાઈપ સમજુતી પર હસ્તાક્ષર કર્યા. જે મુજબ સેન્ટ્રલ બેંક ઓફ શ્રીલંકા અધિકતમ છ મહિના સુધી 1.1 બિલીયન અમેરિકન ડોલરનું એક્સચેન્જ કરી શકે છે.

- **પ્રશાંત પઠરાબે FTIIના ડિરેક્ટર નિયુક્ત**

  પ્રશાંત પઠરાબેને ફિલ્મ અને ટેલીવિઝન ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ડિયા (Film and Television Institute of India FTII)ના ડિરેક્ટરનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો.






www.crackgpsc.com

- **સેરોગેટ મધરને પણ મળશે મેટરનિટી લીવ : સુપ્રીમ કોર્ટ**

  સુપ્રીમ કોર્ટે 'સેરોગેટ મધર'ને પણ મેટરનિટી લીવની હકદાર બનાવી. કોર્ટે કહ્યું કે સરકારી નોકરી કરી રહેલ મહિલા જો ભાડેથી માતા બને, તો પણ તે માતૃત્વ અવકાશ મેળવવા માટે અધિકારી છે.

- **કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય કેરિયર કાઉન્સેલિંગ પોર્ટલનો શુભારંભ કર્યો**

  વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય કેરિયર કાઉન્સેલિંગ પોર્ટલની શરૂઆત કરી. આ વેબ પોર્ટલ નોકરી આપનારાઓ અને રોજગાર ઈચ્છુક લોકો માટે એક મંચ પૂરું પાડશે. પોર્ટલ પર રજીસ્ટ્રેશન ફ્રી થશે. રજીસ્ટ્રેશન કરતી વખતે આધાર નંબરને એક અનિવાર્ય ભાગ તરીકે સામેલ કરવામાં આવ્યો છે.

- **શિવ પાંડે યુનિવર્સીટી ઓફ સેન્ટ્રલ લંકાશાયરની માનદ ફેલોશિપથી સન્માનિત**

  ભારતીય મૂળના ડોક્ટર શિવ પાંડેને ઇંગ્લેન્ડ સ્થિત યુનિવર્સીટી ઓફ સેન્ટ્રલ લંકાશાયરે સાધારણ ચિકિત્સક તરીકે તેમના સામુહિક યોગદાન માટે માનદ ફેલોશિપથી સન્માનિત કર્યા.

- **અરવિંદ કેજરીવાલ દ્વારા પ્રથમ 'આમ આદમી ક્લિનિક'નું ઉદઘાટન**

  દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પશ્ચિમ દિલ્હી સ્થિત પીરાગઢી રાહત શિબિરમાં પ્રથમ 'આમ આદમી ક્લિનિક'નું ઉદઘાટન કર્યું. આ ક્લિનિક આર્થિક રીતે નબળા વર્ગોને વધુ સારી ચિકિત્સા સુવિધા ઉપલબ્ધ કરવવાના હેતુથી શરુ કરવામાં આવેલ છે. આ વર્ષના અંત સુધી રાજધાનીમાં આવાં 1000 ક્લિનિક ખોલવાની યોજના છે.

- **18 જુલાઈએ આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ ઉજવવામાં આવ્યો**

  દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ તથા નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા નેલ્સન મંડેલાના સન્માનમાં 18 જુલાઈ 2015ના દિવસને વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય નેલ્સન મંડેલા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો. આ દિવસ પ્રથમ વખત 18 જુલાઈ 2010ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

- **કેરલ પર્યટનના મુજીરીસ હેરીટેજ પ્રોજેક્ટે પાટા પુરસ્કાર જીત્યો**

  કેરલ પર્યટન વિભાગના મુજીરીસ હેરીટેજ પ્રોજેક્ટે વારસા અને સંસ્કૃતિ શ્રેણીમાં પેસિફિક એશિયા ટ્રાવેલ એસોસીએશન (પાટા) પુરસ્કાર જીત્યો. મુજીરીસ હેરીટેજ પ્રોજેક્ટનો હેતુ વિવિધ વિકાસ કાર્યોમાં સ્થાનિક લોકોને સામેલ કરવાનો છે.

  **પાટા પુરસ્કાર**

  આ મકાઉ સરકાર પર્યટન કાર્યાલય દ્વારા પ્રાયોજિત વાર્ષિક પુરસ્કાર છે જેને પેસિફિક એશિયા

www.crackgpsc.com

ટ્રાવેલ એસોસીએશન દ્વારા આપવામાં આવે છે.

- **ઈસરોએ ક્રાયોજેનિક એન્જીનનું 800 સેકન્ડ સુધી સફળ પરીક્ષણ કર્યું**

  ઈસરોએ સ્વદેશી ટેકનોલોજીથી વિકસાવેલ ક્રાયોજેનિક એન્જીનનું સફળ પરીક્ષણ કર્યું. ઈસરોએ ગ્રાઉન્ડ ટેસ્ટીંગ હેઠળ ગરમ અવસ્થામાં એન્જીનની સહનશક્તિનું 800 સેકન્ડ (13.33 મિનિટ) સુધી પરીક્ષણ કર્યું. ક્રાયોજેનિક એન્જીન બનાવવાથી ભારતને બીજા દેશો પર આધારિત નહિ થવું પડે.

- **પંકજ મુંજાલ હીરો મોટર્સ ગ્રુપના CMD નિયુક્ત**

  પંકજ મુંજાલ હીરો મોટર્સ ગ્રુપના ચેરમેન અને મેનેજિંગ ડીરેક્ટર નિયુક્ત કરવામાં આવ્યા. આ હીરો મોટોકોર્પ અને હીરો સાઈકલની માલિક કંપની છે જે બહુરાષ્ટ્રીય કંપની હીરો ગ્રુપનો જ ભાગ છે.

- **'લોકેલ, એવરીડે ઇસ્લામ ઔર મોડર્નિટી' પુસ્તકનું વિમોચન**

  ઉપરાષ્ટ્રપતિ એમ.હામીદ અન્સારીએ એમ.રઈસુરરેહેમાન દ્વારા લેખિત પુસ્તક 'લોકેલ, એવરીડે ઇસ્લામ ઔર મોડર્નિટી'નું વિમોચન કર્યું. આ પુસ્તક વાસ્તવમાં કસ્બાઓનો ઈતિહાસ છે. પુસ્તકના માધ્યમથી એ જાણવા મળે છે કે કસ્બાઓની સંખ્યા અચાનક કેવી રીતે ઓછી થવા માંડી અને કેવી રીતે લુપ્ત થવા માંડ્યા.

- **ભાનુપ્રતાપ શર્મા FSSAIના અધ્યક્ષ નિયુક્ત**

  કેન્દ્ર સરકારે ભાનુપ્રતાપ શર્મા (સચિવ, કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)ને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્ઝ ઓથોરીટી ઓફ ઇન્ડિયા (FSSAI)ના અધ્યક્ષ નિયુક્ત (વધારાનો કાર્યભાર) કર્યા.

- **બિનોય બહેલને મેડ્રિડ ફિલ્મ ફેસ્ટીવલમાં સર્વશ્રેષ્ઠ ડોકયુમેન્ટરી પ્રોડ્યુસરનો પુરસ્કાર**

  ફિલ્મકાર બિનોય બહેલે મેડ્રિડ ફિલ્મ ફેસ્ટીવલ દરમ્યાન સર્વશ્રેષ્ઠ ડોકયુમેન્ટરી પ્રોડ્યુસરનો પુરસ્કાર મેળવ્યો. તેમને 'ઇન્ડિયન રૂટ્સ ઓફ તિબેટીયન બુદ્ધિઝમ' શીર્ષક ડોક્યુમેન્ટરીના નિર્માણ અને નિર્દેશન માટે સન્માનિત કરવામાં આવ્યા. બહેલે આ ડોકયુમેન્ટરી વિદેશ વિભાગના એક્સપીડી વિભાગ માટે બનાવી હતી.

- **ઘીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવાની ટેકનીક વિકસિત**

  નેશનલ ડેરી રીસર્ચ ઇન્સ્ટીટયુટ, કરનાલના વૈજ્ઞાનિકોએ ઘીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવા માટે એક ટેકનીક વિકસાવી. આ ટેકનીકના માધ્યમથી ઘીમાંથી કોલેસ્ટ્રોલનું સ્તર 90થી 85% ઓછું

થઇ જાય છે. આ ટેકનીક ઘીના સ્વાદ અને ગુણવત્તાને પણ અસર કરતી નથી.

- **મુંબઈ બોમ્બ બ્લાસ્ટના આરોપી યાકૂબ મેમણની સુધારાત્મક યાચિકા રદ**

  ચીફ જસ્ટીસ એચ. એલ. દત્તુની અધ્યક્ષતામાં સુપ્રીમ કોર્ટની પીઠે 1993ના મુંબઈ બોમ્બ બ્લાસ્ટના દોષી યાકૂબ અબ્દુલ રઝાક મેમણની સુધારાત્મક યાચિકા રદ કરી દીધી. આ પહેલાં મેમણે દયા યાચિકા પણ રજુ કરી હતી જેને રદ કરવામાં આવી હતી.

- **ભારત અને સિંગાપુરે સમુદ્રી સહયોગ વધારવાના સમજુતી કરાર કર્યા**

  ભારત અને સિંગાપુરે સમુદ્રી સહયોગ વધારવા માટે એક સમજુતી પર હસ્તાક્ષર કર્યા. આ મુજબ ભારત અને સિંગાપુરની નેવી વચ્ચે સમુદ્રી સહયોગ વધારવા માટે સફેદ શિપિંગ માહિતીની આપ-લે કરનાર ટેક્નિકલ સમજુતી (TA) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

- **ઝારખંડ સરકારે જેપી આંદોલનકર્તાઓને પેન્શન આપવાની ઘોષણા કરી**

  ઝારખંડ સરકારે જેપી આંદોલનકર્તાઓ(જયપ્રકાશ નારાયણના આંદોલન સંબંધી)ને પેન્શન આપવાની ઘોષણા કરી. ઝારખંડના મુખ્ય મંત્રી રઘુવર દાસની અધ્યક્ષતામાં ઝારખંડ મંત્રીમંડળે આ નિર્ણય લીધો.

- **વર્લ્ડ 20-20ની ફાઈનલ મેચ કોલકાતાના ઈડન ગાર્ડનમાં રમાશે**

  વર્લ્ડ 20-20 મેચનું આયોજન 11 માર્ચ થી 3 એપ્રિલ 2016 વચ્ચે ભારતમાં કરવામાં આવશે. 2016ની વર્લ્ડ 20-20 ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ કોલકાતાના પ્રતિષ્ઠિત ઈડન ગાર્ડન મેદાનમાં યોજાશે.

- **તોશીબાના અધ્યક્ષે પોતાના પદેથી રાજીનામું આપ્યું**

  જાપાનની પ્રમુખ આઈટી કંપની તોશીબાના અધ્યક્ષ હિસાઓ તનાકાએ કંપનીના એકાઉન્ટ્સમાં ગોટાળાને લીધે પોતાના પદેથી રાજીનામું આપ્યું. તોશીબામાં 1.2 અબજ ડોલરથી વધુ રૂપિયાના એકાઉન્ટ્સ ગોટાળાને લઈને તેના અધ્યક્ષ સહિત અન્ય સાત ઉચ્ચ સ્તરીય અધિકારીઓએ રાજીનામાં આપ્યાં.

- **અનંત નારાયણન મિન્ત્રાના મુખ્ય કાર્યકારી અધિકારી નિયુક્ત**

  ફેશન અને લાઈફસ્ટાઈલ એમ-કોમર્સ કંપની મિન્ત્રાએ અનંત નારાયણનને ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર (CEO) નિયુક્ત કર્યા. મિન્ત્રાના વર્તમાન CEO તથા કો-ફાઉન્ડર મુકેશ બંસલ ચેરમેન ઓફ બોર્ડનો હોદ્દો સંભાળશે.

www.crackgpsc.com

- **સુપ્રીમ કોર્ટે જાટ અનામત પર પુનઃવિચારણા યાચિકા રદ કરી**

  સુપ્રીમ કોર્ટે જાટ અનામત પરની કેન્દ્ર સરકારની પુનઃવિચારણા યાચિકા રદ કરી દીધી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે માર્ચ 2015માં આપેલ પોતાના નિર્ણય (જાટ અનામત નાબુદ)માં ફેરફાર કરવા માટે ઇનકાર કરી દીધો.

- **વિમાન મથક પર દ્રશ્યતા માપનાર ઉપકરણ 'દ્રષ્ટિ' સ્થાપિત**

  દેશમાં જ વિકસાવેલ દ્રશ્યતા માપનાર ઉપકરણ 'દ્રષ્ટિ'ને દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાન મથકના રન વે પર સ્થાપિત કરવામાં આવ્યું. 'દ્રષ્ટિ'ની મદદથી ધુમ્મસની પરિસ્થિતિમાં પણ 25થી 2000 મીટર સુધીની ખરાબ દ્રશ્યતામાં વિમાનોને સુરક્ષિત લેન્ડીંગ અને ટેક ઓફ થઇ શકશે.

- **આર્ચી કોમિક્સના કાર્ટૂનિસ્ટ ટોમ મુરેનું અવસાન**

  પ્રખ્યાત કોમિક્સ 'આર્ચી'ના કાર્ટૂનિસ્ટ ટોમ મુરેનું અવસાન થયું. મુરે દ્વારા બનાવાયેલ આર્ચી, એન્ડ્રયુઝ અને તેના દોસ્તોના કાર્ટૂનવાળી કોમિક્સની વર્ષ 1960માં 5 લાખ નકલો વેચાઈ હતી જે તે સમયનો રેકોર્ડ હતો.

- **સીસીઈએએ સીસીટીએનએસની સમય મર્યાદા માર્ચ 2017 સુધી વધારી**

  નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી આર્થિક બાબતોની સમિતિ (CCEA)એ અપરાધ અને અપરાધીઓ પર ટ્રેકિંગ નેટવર્ક અને સીસ્ટમ (CCTNS) માટે સમય મર્યાદા માર્ચ 2017 સુધી વધારી.

- **યુનેસ્કો દ્વારા કોનાક્રીની વર્ષ 2017ની વર્લ્ડ બુક કેપિટલ તરીકે પસંદગી**

  યુનેસ્કો દ્વારા વર્ષ 2017 માટે ગીની ગણરાજ્યની રાજધાની કોનાક્રીને વર્લ્ડ બુક કેપિટલ તરીકે પસંદ કરવામાં આવી. કોનાક્રી 17મી વર્લ્ડ બુક કેપિટલ છે.

- **પરમાણુ વીજ ઉત્પાદનમાં ભારત 12મા સ્થાને : આઈએઈએ**

  ઇન્ટરનેશનલ એટોમિક ઇલેક્ટ્રિસિટી એજન્સી (IAEA) દ્વારા વર્ષ 2015 માટે જારી આંકડા અનુસાર આંતરરાષ્ટ્રીય પરમાણુ વીજ ઉત્પાદનમાં ભારત વિશ્વમાં 12મા સ્થાને છે. જો કે વૈશ્વિક સ્તરે કાર્ય કરી રહેલ પ્લાન્ટ્સની સંખ્યાની બાબતે ભારત 6ઠ્ઠા સ્થાને છે.

- **IRCTCએ કેએફસી સાથે 1356 ટ્રેન્સમાં ઈ-ખાનપાન શરુ કર્યું**

  ઇન્ડીયન રેલ કેટરિંગ એન્ડ ટ્રાવેલ્સ કોર્પોરેશને (IRCTC) ફાસ્ટ ફૂડ કંપની કેએફસી સાથે પેન્ટ્રી કાર વગરની 1356 ટ્રેનોમાં ઈ-ખાનપાનની શરૂઆત કરી. ભવિષ્યમાં આ કાર્યક્રમને રાજધાની

www.crackgpsc.com

અને દુરંતો જેવી ગાડીઓમાં પણ શરુ કરવામાં આવશે.

- **ફોર્બ્સે એશિયાની ટોચની 50 કંપનીઓની યાદી બહાર પાડી**

  અમેરિકન વેપાર મેગેઝિન 'ફોર્બ્સે' એશિયાની 50 કંપનીઓની યાદી બહાર પાડી. આ યાદીમાં ચીન 25 કંપનીઓ સાથે પ્રથમ સ્થાને છે. ભારત 10 કંપનીઓ સાથે સતત પાંચમા વર્ષે બીજા સ્થાને છે. આ યાદીમાં સૌથી મોટી વેલ્યુએબલ કંપની ચીનની ટેનકેંટ છે. આ યાદીમાં સૌથી ચમકતા તારા તરીકે ભારતની HDFC બેંકને સામેલ કરવામાં આવી. આ કંપનીએ 9 વખત આ જગ્યા મેળવી, જે કોઈ પણ કંપની કરતા વધુ છે.

- **હિગ્સ બોસોનના જનક પીટર હિગ્સ 'કોપલે મેડલ'થી સન્માનિત**

  ગોડ પાર્ટિકલ (હિગ્સ બોસોન)ની શોધ કરનાર નોબલ વિજેતા પીટર હિગ્સને વિજ્ઞાન જગતના સૌથી જુના રોયલ સોસાયટીના 'કોપલે મેડલ' (Copley Medal)થી નવાજવામાં આવ્યા. પીટર હિગ્સને પાર્ટિકલ ફિઝીક્સમાં મૌલિક યોગદાન માટે કોપલે મેડલ આપવામાં આવ્યો. હિગ્સે મૌલિક કણોમાં દ્રવ્યમાનના સ્ત્રોતના સિદ્ધાંતની પ્રથમ વ્યાખ્યા આપી હતી. 'હિગ્સ બોસોન' કણોમાં દ્રવ્યમાનનો સ્ત્રોત છે. લાર્જ હેડ્રોન કોલાઇડર મશીનમાં મહિનાઓ સુધી ચાલેલા પ્રયોગ બાદ વર્ષ 2012માં હિગ્સ બોસોનના અસ્તિત્વની માહિતી મળી હતી.

  **કોપલે મેડલ**

  'કોપલે મેડલ' વૈજ્ઞાનિક શોધ ક્ષેત્રે ઉલ્લેખનીય યોગદાન માટે રોયલ સોસાયટી તરફથી આપવામાં આવે છે. રોયલ સોસાયટી તરફથી વર્ષ 1731માં પ્રથમ કોપલે મેડલ આપવામાં આવ્યો હતો. તેનાં 170 વર્ષો પછી પ્રથમ નોબલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

- **ત્રણ અંતરિક્ષ યાત્રીઓ સાથે સોયુઝ રોકેટ ISS તરફ રવાના**

  સોયુઝ TMA 17M રોકેટ ત્રણ અંતરિક્ષ યાત્રીઓ સહિત સફળતાપુર્વક ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) તરફ રવાના થઇ ગયું. આ રોકેટનું મે 2015માં ઉડાન ભરવાનું નિર્ધારિત હતું પણ રશિયાના માલવાહક અંતરિક્ષ યાનના અસફળ પ્રક્ષેપણને લીધે આ યોજના સ્થગિત કરવામાં આવી હતી.

- **લેખક સેબાસ્ટિયન ઓર્તિજનું પુસ્તક 'ઘોસ્ટ ઓફ કલકત્તા' રીલીઝ**

  લેખક સેબાસ્ટિયન ઓર્તિજનું પુસ્તક 'ઘોસ્ટ ઓફ કલકત્તા' રીલીઝ કરવામાં આવ્યું. આ પુસ્તક મૂળ સ્વરૂપે ફ્રેંચ ફ્રેન્ચમાં લખવામાં આવેલ છે. આની અનુવાદિત આવૃત્તિને કોલકાતાના સંપર્ક પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. પુસ્તકમાં કોલકાતામાં બ્રિટીશકાળના ભૂતની ચર્ચા કરવામાં આવી છે.

www.crackgpsc.com

- **વિશ્વની 500 સૌથી મોટી કંપનીઓની યાદીમાં ભારતની 7 કંપનીઓ**

  ફોર્ચુન મેગેઝીન દ્વારા તૈયાર વિશ્વની 500 સૌથી મોટી કંપનીઓ (2015)ની યાદીમાં રીટેલ જગતની દિગ્ગજ કંપની વોલમાર્ટ પ્રથમ છે. આ યાદીમાં ઇન્ડિયન ઓઈલ, રિલાયન્સ ઇન્ડ. અને ટાટા મોટર્સ સહિત ભારતની 7 કંપનીઓ સામેલ છે.

- **લ્યુપીને ગૈવીસ ફાર્માસ્યુટિકલનું અધિગ્રહણ કર્યું**

  ભારતીય દવા નિર્માતા કંપની લ્યુપીને અમેરિકન જેનરિક દવા નિર્માતા કંપની ગૈવીસ ફાર્માસ્યુટિકલનું 88 કરોડ ડોલરમાં અધિગ્રહણ કર્યું.

- **ખગેશ દેવ બર્મન લેખિત પુસ્તક 'આર. ડી. બર્મન : ધ પ્રિન્સ ઓફ મ્યુઝિક' પ્રકાશિત**

  ખગેશ દેવ બર્મન લેખિત પુસ્તક 'આર. ડી. બર્મન : ધ પ્રિન્સ ઓફ મ્યુઝિક' પ્રકાશિત કરવામાં આવ્યું. પોતાના પુસ્તકમાં ખગેશ દેવ બર્મને લખ્યું છે કે એ વાત ખુબ ઓછા લોકો જાણે છે કે આર. ડી. બર્મન ભારતીય ઉપમહાદ્વીપના સૌથી જુના રાજવંશ (ત્રિપુરાના રાજપરિવાર)થી સંબંધિત હતા. આ રાજવંશ જાપાની રાજવંશ બાદ બીજો રાજવંશ હતો, જેનો સંબંધ સતત 1000 વર્ષ સુધી જળવાઈ રહ્યો.

- **આનંદ કુમારના સુપર 30 પર ફ્રેંચ ફિલ્મ 'ધ બીગ ડે'નું નિર્માણ**

  ફ્રાંસના પ્રખ્યાત ફિલ્મકાર પાસ્કલ પ્લીસને 'સુપર 30' પર 90 મિનિટની ફિલ્મ 'ધ બીગ ડે'નું નિર્માણ કર્યું. આ ફિલ્મ વિશ્વભરનાં ચાર અભાવગ્રસ્ત બાળકોની સફળતા પર આધારિત છે. આ ચાર બાળકોમાં ક્યુબા, મોંગોલિયા, ભારતનાં બાળકો સામેલ છે. આમાંથી એક વાર્તા 'સુપર 30'ની નિધિ ઝા નામની એક વિદ્યાર્થીની પર આધારિત છે જે વર્તમાનમાં ISM ધનબાદમાં અભ્યાસ કરી રહી છે.

- **વિશ્વની પ્રથમ મેલેરિયા વેક્સીન 'મોસ્ક્યુરિક્સ'ને યુરોપીયન દવા એજન્સીએ સ્વીકૃતિ આપી**

  વિશ્વની પ્રથમ મેલેરિયા વેક્સીન RTS અથવા મોસ્ક્યુરિક્સને યુરોપીયન દવા એજન્સીએ સ્વીકૃતિ આપી. આફ્રિકામાં મચ્છરથી થતા રોગો વિશ્વના અન્ય ક્ષેત્રોની સરખામણીએ સૌથી વધુ થાય છે.

- **સુપ્રીમ કોર્ટ દ્વારા દેશભરની જેલો અને થાણાઓમાં CCTV કેમેરા મુકવાનો નિર્દેશ**

  સુપ્રીમ કોર્ટે દેશની જેલો તથા પોલિસ થાણાઓમાં CCTV કેમેરા મુકવાનો નિર્દેશ કર્યો. આ નિર્ણય કસ્ટડી દરમ્યાન કેદીઓનાં મૃત્યુ તથા અન્ય અપરાધિક કિસ્સાઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો. કોર્ટે એ પણ કહ્યું કે દરેક પોલીસ સ્ટેશનમાં ઓછામાં ઓછી બે મહિલા કોન્સ્ટેબલોની નિમણુક કરવી જોઈએ.







## ➢ 4th week

- **નાસાએ પૃથ્વી જેવા ગ્રહ 'કેપલર-452B'ની શોધ કરી**

  નાસાએ પૃથ્વી જેવા એક નવા ગ્રહ 'કેપલર-452B'ની શોધ કરી. સૌરમંડળથી બહાર મળેલ કેપલર-452B આપણી ધરતી જેવો (જીવન માટે જરૂરી અનુકુળતાના વિશેષ સંદર્ભમાં) છે. તે પૃથ્વીથી 1400 પ્રકાશવર્ષ દુર છે. તેનો વ્યાસ પૃથ્વીની સરખામણીએ 60% વધારે છે. તેનો પોતાની કક્ષામાં પરિક્રમણ સમય 385 દિવસ છે.

- **રામચંદ્ર ગુહાને ફૂકુઓકા એશિયન કલ્ચર પ્રાઈઝ 2015 માટે પસંદ કરવામાં આવ્યા**

  ઈતિહાસકાર રામચંદ્ર ગુહાને એકેડમિક શ્રેણીમાં ફૂકુઓકા એશિયન કલ્ચર પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. તેમને આ પુરસ્કાર જાપાનના ફૂકુઓકા આંતરરાષ્ટ્રીય કોંગ્રેસ કેન્દ્રમાં આપવામાં આવશે. પોતાના પુસ્તક 'ઇન્ડીયા આફ્ટર ગાંધી' માટે પ્રખ્યાત ગુહા સમારંભમાં 'ગાંધી, ભારત અને દુનિયા' વિષે વ્યાખ્યાન આપશે.

- **પરમાણુ નિરસ્ત્રીકરણના હિમાયતી પી. આર. ચારીનું નિધન**

  પરમાણુ નિરસ્ત્રીકરણના મુખ્ય હિમાયતી પી. આર. ચારીનું નિધન થયું. તેઓ પરમાણુ નિરસ્ત્રીકરણ માટે એક સામાન્ય સહમતિ બનાવવા માટે વિશ્વ પ્રસિદ્ધ છે. તેમને પરમાણુ નિરસ્ત્રીકરણના વિષયમાં અંતરરાષ્ટ્રીય ઉચ્ચ સ્તરીય વિચારક માનવામાં આવે છે.

www.crackgpsc.com

- **અજય માથુર ટીઈઆરઆઈના ડિરેક્ટર જનરલ નિયુક્ત**

અજય માથુરને ઊર્જા અને સંસાધન સંસ્થા (TERI)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ આર. કે. પચોરીનું સ્થાન લેશે જેમને સહકર્મચારી સાથે યૌન શોષણના આરોપમાં પદેથી હટાવવામાં આવ્યા. હાલમાં અજય માથુર બ્યુરો ઓફ એનર્જી એફિશિએન્સી (BEE)ના ડિરેક્ટર જનરલ છે. TERI ઊર્જા, પર્યાવરણ અને સતત વિકાસના ક્ષેત્રે સંશોધન કરે છે.

- **દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજનાનો શુભારંભ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પટનામાં વિભિન્ન અન્ય વિકાસ યોજનાઓ સાથે સાથે દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY)નો શુભારંભ કર્યો.

**દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના (DDUGJY) :**

- તમામ ગામડાઓનું વિદ્યુતીકરણ.
- અન્ય ઉપભોક્તાઓ અને ખેડૂતોને પુરતી વીજળી અને તેનો નિયમિત પુરવઠો.
- 76000 કરોડ રૂપિયાના બજેટની ફાળવણી જેમાં કેન્દ્ર સરકાર 63000 કરોડ રૂપિયા ફાળવશે.

લાભ :

- તમામ ગામડાઓ અને ઘરોનું વિદ્યુતીકરણ.
- ખેતપેદાશમાં વૃદ્ધિ.
- નાના અને સ્થાનિક સાહસોના વેપારથી રોજગારની નવી તકો.
- રેડિયો, ટેલિફોન, ટેલિવિઝન, ઈન્ટરનેટ અને મોબાઈલની ઉપલબ્ધતામાં સુધારો.
- ગ્રામ્ય ક્ષેત્રોમાં વ્યાપક વિકાસની તકોમાં વધારો.

- **બિહારના ભૂતપૂર્વ રાજ્યપાલ રામકૃષ્ણ સૂર્યભાન ગવઇનું નિધન**

રિપબ્લિકન પાર્ટી ઓફ ઇન્ડિયાના વરિષ્ઠ નેતા રામકૃષ્ણ સુર્યભાન ગવઈનું નિધન થયું. તેઓ બાબા સાહેબ આંબેડકરની સાથે ઘનિષ્ઠ સંબંધોને કારણે જાણીતા હતા તથા તેઓ આંબેડકરના એવા સ્વયંસેવકોમાંના એક હતા જેઓએ વર્ષ 1956માં દીક્ષાભૂમિમાં બુદ્ધ ધર્મ સ્વીકાર્યો હતો. દીક્ષાભૂમિને વિશ્વ સ્તરના સ્મારક તથા બાબા સાહેબ દ્વારા બુદ્ધ ધર્મ સ્વીકાર કર્યાના પ્રતિક સ્થળ તરીકે વિશ્વભરમાં પ્રસિદ્ધિ આપવાનો શ્રેય ગવઈને જાય છે.

- **અલંગમાં કાર્યરત મજુરો માટે સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે પેનલ ગઠિત**

ગુજરાત હાઈકોર્ટે ભાવનગર સ્થિત અલંગમાં જહાજ તોડવામાં કાર્યરત મજુરોને ઘર અને હોસ્પિટલ જેવી સુવિધાઓ પૂરી પાડવા માટે એક ચાર સદસ્યીય પેનલની રચના કરી. આ

www.crackgpsc.com

પેનલમાં રાજ્ય સ્વાસ્થ્ય સચિવ ચેરમેન હશે તથા ભાવનગરના જીલ્લા કલેક્ટર, ગુજરાત તટવર્તી બોર્ડના ડેપ્યુટી જનરલ મેનેજર અને શિપ રિસાઇક્લિન્ગ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન ઓફ ઇન્ડિયાના એક પ્રતિનિધિ તેના સભ્ય હશે. કોર્ટે પેનલને કર્મચારીઓ માટે 1000 ઘરોના નિર્માણ માટે એક રિપોર્ટ સોંપવા માટે કહ્યું છે.

- **યુરોપીયન સંઘે જીવીકે બાયો સાયન્સીઝની 700 જેનરિક દવાઓ પર પ્રતિબંધ મુક્યો**

  યુરોપીયન સંઘે ભારતની દવા રિસર્ચ કંપની જીવીકે બાયો સાયન્સીઝ દ્વારા નિર્મિત લગભગ 700 જેનરિક દવાઓના માર્કેટિંગ પર પ્રતિબંધ મુક્યો. આ દવાઓ યુરોપીયન સંઘના 28 સભ્ય દેશોમાં પ્રતિબંધિત કરવામાં આવશે. આ જેનરિક દવાઓના વિતરણ અને વેચાણ પર મુકવામાં આવેલ સૌથી મોટો પ્રતિબંધ છે.

- **નેધરલેન્ડના રોઇલેંટ ઓલ્ટમેંસ ભારતીય પુરુષ હોકી ટીમના કોચ નિયુક્ત**

  હોકી ઇન્ડિયાએ નેધરલેન્ડના રોઇલેંટ ઓલ્ટમેંસને પુરુષ રાષ્ટ્રીય ટીમના કોચ નિયુક્ત કર્યા. હોકી ઇન્ડિયાના અધ્યક્ષ નરિંદર બત્રા છે. રોઇલેંટ ઓલ્ટમેંસને પોલ વાન એસના સ્થાને નિયુક્ત કરવામાં આવ્યા.

- **ફેરારીના જર્મન ડ્રાઈવર સેબેસ્ટિયન વેટેલ હંગેરી ગ્રા. પ્રી. ખિતાબ જીત્યો**

  ફેરારીના જર્મન ડ્રાઈવર સેબેસ્ટિયન વેટેલે હંગેરી ગ્રા. પ્રી. ખિતાબ જીત્યો. વેટેલની આ સત્રમાં આ બીજી જીત છે.

- **બ્રિટનના ક્રિસ ફ્રુમે સાઈક્લિંગની ટુર ડી ફ્રાંસની 102મી આવૃત્તિ જીતી**

  સ્કાઈ ટીમના બ્રિટીશ ચાલક ક્રિસ ફ્રુમે પેરિસમાં સાઈક્લિંગની ટુર ડી ફ્રાંસની 102મી આવૃત્તિ જીતી. આ સાથે જ ફ્રુમ બીજી વખત ટુર ડી ફ્રાંસ જીતનાર પ્રથમ બ્રિટીશ ચાલક બન્યા.

- **કારગીલ વિજય દિવસની 16મી જયંતિ દેશભરમાં ઉજવાઈ**

  26 જુલાઈ 2015ના રોજ દેશભરમાં કારગીલ વિજય દિવસની 16મી જયંતિ ઉજવવામાં આવી. આ દિવસે જ વર્ષ 1999માં ભારતીય સેનાએ કારગીલ યુદ્ધમાં પાકિસ્તાની સેનાને હરાવી હતી. 73 દિવસના સંઘર્ષ દરમ્યાન લડવામાં આવેલ યુદ્ધમાં ભારતીય સેનાએ ઘુસણખોરો વિરુદ્ધ જીત મેળવી અને કારગીલ અને દ્રાસ સેક્ટરમાં ફરીથી કબજો મેળવી લીધો.

- **મેક્સિકોએ જમૈકાને હરાવીને સાતમી વખત ગોલ્ડ કપ જીત્યો**

  મેક્સિકોએ જમૈકાને હરાવીને સાતમી વખત કોનકાકેફ ગોલ્ડ કપ ફૂટબોલ ટુર્નામેન્ટનો ખિતાબ મેળવ્યો. ગુઆર્દાદોને ટુર્નામેન્ટના બેસ્ટ પ્લેયરનો ખિતાબ આપવામાં આવ્યો.

- **ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામનું નિધન**

'મિસાઈલ મેન' અને 'જનતાના રાષ્ટ્રપતિ'ના નામથી લોકપ્રિય એવા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામનું IIM શિલોંગમાં એક વ્યાખ્યાન આપતી વખતે પડી જવાથી મૃત્યુ થયું. ડૉ. કલામ દેશના 11મા રાષ્ટ્રપતિ હતા. તેઓ વર્ષ 2002થી 2007 સુધી રાષ્ટ્રપતિ પદે રહ્યા.



**ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ:**

તેમનો જન્મ એક નાવિકના ઘરમાં 15 ઓક્ટોબર 1931ના રોજ તમિલનાડુના રામનાથપુરમ જીલ્લાના રામેશ્વરમ સ્થિત ધનુષકોડી ગામમાં થયો હતો. તેમનું પૂરું નામ અવુલ પકિલ જૈનુલાબ્દીન અબ્દુલ કલામ હતું. અબ્દુલ કલામે મદ્રાસ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાંથી એરોનોટિક્સનો અભ્યાસ કર્યો હતો. ઈસરોમાં તેઓ ભારતના પ્રથમ સ્વદેશી ઉપગ્રહ પ્રક્ષેપણ યાન (SLV-III) પ્રોજેક્ટના ડીરેક્ટર હતા. તેઓ વડાપ્રધાનના વૈજ્ઞાનિક સલાહકાર પણ રહ્યા અને DRDOના સચિવ તરીકે કાર્ય કર્યું. ડૉ. કલામને 1981માં પદ્મ ભૂષણ, 1990માં પદ્મ વિભૂષણ અને 1997માં ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા. તેમના નેતૃત્વમાં ભારતે વર્ષ 1998માં પોખરણમાં પોતાનું બીજું સફળ પરમાણુ પરીક્ષણ કરવામાં આવ્યું. ડૉ. કલામે દેશના પ્રથમ સ્વદેશી ટેકનીકથી બનેલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ SLV-III બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી.

- **ભારત-બાંગ્લાદેશ રેલ લિંક પ્રોજેક્ટ માટે 1000 કરોડ રૂપિયા મંજુર**

કેન્દ્ર સરકારે ઉત્તર-પૂર્વ માર્ગથી બાંગ્લાદેશ સાથે ભારતીય રેલ્વે જોડવા માટે 1000 કરોડ રૂપિયા મંજુર કર્યા. ભારત-બાંગ્લાદેશ રેલ લિંક વર્ષ 2017 સુધી પૂર્ણ કરી દેવામાં આવશે અને સંપૂર્ણ માર્ગનું નિર્માણ ઈરકોન દ્વારા કરવામાં આવશે. આનાથી બાંગ્લાદેશમાં સ્થિત અખૌરા રેલ્વે જંકશનને અગરતલા સાથે જોડવામાં આવશે.

- **પંજાબના ગુરદાસપુરમાં આતંકવાદી હુમલો, પાંચ જવાન શહીદ**

પંજાબ સ્થિત ગુરદાસપુર જીલ્લાના દીનાનગરમાં ત્રણ આતંકવાદીઓએ હુમલો કર્યો. 11 કલાક સુધી ચાલેલ સંઘર્ષમાં ત્રણેય આતંકવાદીઓને મારી નાખવામાં આવ્યા. આ મુઠભેડમાં એક એસપીનું મૃત્યુ નીપજ્યું. આ સ્થાન પાકિસ્તાન બોર્ડરથી 10 કિમી દુર છે. પંજાબમાં 20 વર્ષ બાદ આવો હુમલો થયો. આ પહેલા વર્ષ 1995માં આતંકવાદી હુમલામાં પંજાબના તત્કાલીન મુખ્યમંત્રી બેઅંત સિંહનું મૃત્યુ થયું હતું.

www.crackgpsc.com

- **રામ સેવક શર્મા ભારતીય દૂરસંચાર વિનીયામક પ્રાધિકરણના અધ્યક્ષ નિયુક્ત**

  રામ સેવક શર્મા ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયા (TRAI)ના નવા અધ્યક્ષ નિયુક્ત થયા. તેમણે રાહુલ ખુલ્લરનું સ્થાન લીધું. તેમણે ઝારખંડ સરકારમાં મુખ્ય સચિવ તરીકે પણ કામ કર્યું.

- **ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઇન્ડિયા**

  આ ભારતમાં દૂરસંચાર પર નિયંત્રણ માટે એક સ્વાયત્ત રેયુલેટરી ઓથોરીટી છે. આની સ્થાપના દૂરસંચાર સેવાઓને નિયમિત કરવા માટે 20 ફેબ્રુઆરી 1997માં થઇ હતી.

- **ભૌતિક વૈજ્ઞાનિક પી. હરિહરનનું અમેરિકામાં નિધન**

  ભારતીય મૂળના ભૌતિક વૈજ્ઞાનિક પી. હરિહરનનું અવસાન થઇ ગયું. તેમણે ફેબ્રી પેરોટ ઇન્ટરફેરોમીટરની ડિઝાઇન સહીત વિવિધ શોધમાં યોગદાન આપ્યું. હરિહરને બહુરંગી ઇન્દ્રધનુષ્ય હોલોગ્રામ વિકસિત કર્યું જે તેમના દ્વારા પ્રાપ્ત થયેલ એક વિશિષ્ટ ઉપલબ્ધિ છે.

- **રાજેશ એક્સપોર્ટ્સ દ્વારા વોલકામ્બીનું 400 મિલિયન ડોલરમાં અધિગ્રહણ**

  રાજેશ એક્સપોર્ટ્સે વિશ્વની સૈથી મોટી ગોલ્ડ રીફાઈનરી કંપની વોલકામ્બીનું 400 મિલિયન ડોલર (લગભગ 25 અબજ રૂપિયા)માં અધિગ્રહણ કર્યું. ભારત દુનિયાનો સૌથી મોટો કન્ઝ્યુમર દેશ છે. અહીં સોનાની વાર્ષિક માંગ લગભગ 900 ટન છે. વોલકામ્બી એક સ્વિસ કંપની છે જેની વાર્ષિક આવક રાજેશ એક્સપોર્ટ્સની કુલ વાર્ષિક આવકથી દસ ગણી વધુ છે.

- **નેપાળના બંધારણમાંથી 'ધર્મનિરપેક્ષ' શબ્દ દૂર કરવા માટે સહમતિ**

  નેપાળની રાજનૈતિક પાર્ટીઓએ નેપાળના નવા બંધારણમાંથી ધર્મનિરપેક્ષ શબ્દ દૂર કરવા માટે પોતાની સહમતિ વ્યક્ત કરી. નેપાળી રાજનૈતિક પાર્ટીઓએ નવા બંધારણ પર લાખો લોકોના પ્રતિભાવ પર ધર્મનિરપેક્ષ શબ્દ દૂર કરવાનો નિર્ણય કર્યો. નેપાળની કટ્ટર યુનિફાઈડ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ-માઓવાદી (UCPN-M)ના દાયકાઓ સુધી ચાલેલ હિંસક સંઘર્ષ બાદ રાજનીતિની મુખ્ય ધારા સાથે જોડાયા બાદ વર્ષ 2007માં નેપાળને ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર ઘોષિત કરવામાં આવ્યું હતું. વર્તમાનમાં નેપાળમાં 80% વસ્તી હિંદુ છે.

- **કઝાકિસ્તાન વિશ્વ વેપાર સંગઠનનું 162મુ સભ્ય બન્યું**

  રશિયાના નેતૃત્વવાળા આર્થિક સંઘનું સભ્ય કઝાકિસ્તાન વિશ્વ વેપાર સંગઠન (WTO)ના 162મા સભ્ય તરીકે સામેલ થઇ ગયું. આ વિલયની સમજુતી પર વિશ્વ વેપાર સંગઠનના ડિરેક્ટર જનરલ રોબર્ટ અજેવેદો અને કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ નૂરસુલતાન નજરબાયેવે જીનેવામાં હસ્તાક્ષર કર્યા.

www.crackgpsc.com

- **ભારતી રિઅલ્ટી અને ઈરોસ ગ્રુપ વચ્ચે કરાર**

  ભારતી રિઅલ્ટીના નવા યુનિટ ભારતી લેન્ડે ઈરોસ ગ્રુપ સાથે સૂરજકુંડ (હરિયાણા)માં સમ્રાટ રેસીડેન્સીયલ પ્રોજેક્ટને વિકસિત કરવા માટે એક સમજુતી કરી. આ પ્રોજેક્ટ હેઠળ લગભગ 2000 એપાર્ટમેન્ટ વિકસિત કરવામાં આવશે.

- **સ્વાતિ માલિવાલે દિલ્હી મહિલા આયોગનો કાર્યભાર સંભાળ્યો**

  સ્વાતિ માલિવાલે દિલ્હી મહિલા આયોગ (DCW)નો કાર્યભાર સંભાળ્યો. દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગે તેમની નિમણુકને ઉપરાજ્યપાલની મંજુરી નહી લેવાને કારણે રદ્દ કરી દીધી હતી. તત્પશ્ચાત દિલ્હી સરકારે દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ તરીકે સ્વાતિ માલિવાલની નિમણુક સંબંધી પરિપત્ર દિલ્હીના ઉપરાજ્યપાલ નજીબ જંગ પાસે અનુમતિ માટે મોકલ્યો, ત્યાર બાદ તેમની નિમણુકને મંજુરી આપવામાં આવી.

- **'પ્રોજેક્ટ ગુગલ લુન' માટે શ્રીલંકાએ ગુગલ સાથે સમજુતી કરી**

  શ્રીલંકા સરકારે દેશમાં 'પ્રોજેક્ટ ગુગલ લુન' લોન્ચ કરવા માટે સર્ચ એન્જીન કંપની ગુગલ સાથે સમજુતી કરી. જે મુજબ ગુગલ સમગ્ર દેશમાં 13 હાઈ એલ્ટીટ્યુડ બલુન સ્થાપિત કરશે જે સંપૂર્ણ દ્વિપમાં 3જી ઈન્ટરનેટ સેવા પૂરી પાડશે. આ બલુન્સ ભવિષ્યમાં સમગ્ર દેશમાં મફત વાઈ-ફાઈ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટના સફળ અમલીકરણ બાદ શ્રીલંકા વિશ્વનો પ્રથમ એવો દેશ બની જશે જ્યાં સરકારના સમર્થનથી સમગ્ર દેશમાં ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય.

  **પ્રોજેક્ટ ગુગલ લુન :**

  આ ગુગલની એક મહત્વાકાંક્ષી યોજના છે જેનું લક્ષ્ય ગ્રામ્ય અને દૂરના વિસ્તારો સુધી ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવાનો છે. આ પ્રોજેક્ટ હેઠળ ગુગલ સંપૂર્ણ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કવરેજ આપવા માટે આકાશમાં એક બલુન ટેલિકોમ ટાવર સ્થાપિત કરશે. આ બલુન્સમાં ટ્રાન્સસીવર્સ લાગેલ હશે જે પહાડો અને રણ વિસ્તારોમાં પણ ઈન્ટરનેટની સુવિધા પુરી પાડવામાં સક્ષમ હશે.

- **ભારતમાં એઇડ્સ વિષે જાગૃતિ ફેલાવનાર સુનીતિ સોલોમનનું નિધન**

  એઇડ્સનાં ઘાતક પરિણામોથી ભારતને પરિચય કરાવનાર પ્રસિદ્ધ HIV શોધકર્તા ડૉ. સુનીતિ સોલોમનનું અવસાન થઇ ગયું. તેમણે વર્ષ 1986માં પ્રથમ વખત ભારતમાં HIV સંક્રમણની ખાતરી કરી હતી. તેમની શોધ બાદ તરત જ દેશમાં એઇડ્સ સંક્રમણની શોધ તથા તાલીમ સંબંધી કાર્ય શરુ કરવામાં આવ્યાં.

www.crackgpsc.com

- **આશિષ બહુગુણા ખાદ્ય નિયામક FSSAIના અધ્યક્ષ નિયુક્ત**

  આશિષ બહુગુણા ખાદ્ય નિયામક સંસ્થા 'ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડઝ ઓથોરીટી ઓફ ઇન્ડિયા' (FSSAI)ના અધ્યક્ષ નિયુક્ત. તાજેતરમાં FSSAI નેસ્લેના ઇન્સ્ટન્ટ નુડલ 'મેગી' પર પ્રતિબંધ મૂકવાને કારણે ચર્ચામાં રહ્યું.

- **સમગ્ર વિશ્વમાં વિશ્વ હિપેટાઈટિસ દિવસ ઉજવવામાં આવ્યો**

  સમગ્ર વિશ્વમાં 28 જુલાઈ 2015ના રોજ વિશ્વ હિપેટાઈટિસ દિવસ ઉજવવામાં આવ્યો. હિપેટાઈટિસથી દર વર્ષે લગભગ 14 લાખ લોકોનાં મૃત્યુ થાય છે. વર્ષ 2015 માટે આ દિવસનો વિષય છે – 'પ્રિવેન્ટ હિપેટાઈટિસ ઇટ્સ અપ ટુ યુ'.

  **વિશ્વ હિપેટાઈટિસ દિવસ**

  આ દિવસ વર્ષ 2010થી ઉજવવામાં આવે છે. 28 જુલાઈ પ્રોફેસર બારુક બ્લૂમબર્ગનો જન્મ દિવસ છે, તેમણે હિપેટાઈટિસ બી વાયરસની શોધ કરી હતી અને તેમને 1976માં ફિઝીઓલોજી કે ચિકિત્સાના નોબલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

  **હિપેટાઈટિસ**

  હિપેટાઈટિસ ગ્રીક શબ્દ 'હેપર' અને 'આઈટીસ'થી બનેલ છે. 'હેપર'નો અર્થ થાય છે 'યકૃત' અને 'આઈટીસ'નો અર્થ થાય છે સોજો. હિપેટાઈટિસના 5 પ્રકાર હોય છે. હિપેટાઈટિસ - એ, બી, સી, ડી અને ઈ. આ બીમારી હિપેટાઈટિસ વાયરસના કારણે થાય છે અને આ ઉપરાંત આ ડ્રગ્સ, દારૂ, રસાયણ અને અન્ય સંક્રમણ અને સ્વ-પ્રતિરક્ષિત બીમારીઓ જેવા માદક દ્રવ્યોના કારણે પણ થાય છે.

- **મુઅમ્માર ગદ્દાફીના પુત્ર સૈફ અલ-ઇસ્લામ ગદ્દાફીને મૃત્યુદંડ**

  લીબિયાની એક કોર્ટે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મુઅમ્માર ગદ્દાફીના પુત્ર સૈફ અલ-ઇસ્લામ ગદ્દાફી અને તેમના સહયોગી સાત અન્ય વરિષ્ઠ નેતાઓને મૃત્યુદંડ આપ્યો. સૈફ પર વર્ષ 2011માં દેશમાં થયેલ ક્રાંતિ દરમ્યાન શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનને દબાવવાનો આરોપ હતો જેને કારણે ગદ્દાફી શાસનનો અંત થયો હતો.

- **સંજીવ ચતુર્વેદી અને અંશુ ગુપ્તાને 'રેમન મેગ્સેસે પુરસ્કાર' આપવાની ઘોષણા**

  ભારતીય નાગરિક સંજીવ ચતુર્વેદી અને અંશુ ગુપ્તાને રેમન મેગ્સેસે એવોર્ડ 2015 આપવાની ઘોષણા કરવામાં આવી. IFS અધિકારી સંજીવ ચતુર્વેદી અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા (એઈમ્સ)ના ચીફ વિજીલન્સ ઓફિસર રહી ચુક્યા છે જયારે અંશુ ગુપ્તા એનજીઓ 'ગુંજ'નાં

www.crackgpsc.com

સંસ્થાપક છે. ભ્રષ્ટાચાર સંબંધી ખુલાસાઓ માટે હંમેશા ચર્ચામાં રહેતા IFS અધિકારી સંજીવ ચતુર્વેદીને આ પુરસ્કાર સાર્વજનિક ક્ષેત્રે ભ્રષ્ટાચારના કેસ ખુલ્લા પાડવા માટે આપવામાં આવ્યો છે. સંજીવ ચતુર્વેદી દેશના બીજા સર્વિંગ બ્યુરોક્રેટ છે, જેમને આ પુરસ્કાર આપવામાં આવેલ છે. આ પહેલાં કિરણ બેદીને પણ તેમના સેવાકાળ દરમ્યાન આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મળ્યો હતો.

**રેમન મેગ્સેસે એવોર્ડ:**

રેમન મેગ્સેસે પુરસ્કારની શરૂઆત વર્ષ 1957માં કરવામાં આવી હતી. તેને એશિયાના નોબલ પુરસ્કાર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પુરસ્કાર ફિલિપિન્સના ત્રીજા રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસેની યાદમાં દર વર્ષે આપવામાં આવે છે. આ પુરસ્કાર દર વર્ષે મનીલામાં તેમના જન્મ દિવસ 31 ઓગસ્ટના રોજ આપવામાં આવે છે. પુરસ્કાર તરીકે વિજેતાને 50000 ડોલરની રકમ આપવામાં આવે છે. આ પુરસ્કાર રેમન મેગ્સેસે પુરસ્કાર ફાઉન્ડેશન ટ્રસ્ટી બોર્ડ દ્વારા છ વર્ગમાં આપવામાં આવે છે. (1) સરકારી સેવા (Government Service) (2) જન સેવા (Public Service) (3) સામુદાયિક નેતૃત્વ (Community Leadership) (4) પત્રકારત્વ, સાહિત્ય, અને સર્જનાત્મક સંચાર કળા (Journalism, Literature and Creative Communication Arts) (5) શાંતિ અને આંતરરાષ્ટ્રીય સમજ (Peace and International Understanding) (6) ઉભરાતું નેતૃત્વ (Emergent Leadership)

- **CCIએ હ્યુન્ડાઈ પર 420 કરોડ રૂપિયાનો દંડ કર્યો**

  કોમ્પિટિશન કમિશન ઓફ ઇંડિયા (CCI)એ કાર નિર્માતા કંપની હ્યુન્ડાઈ પર 420 કરોડ રૂપિયાનો દંડ કર્યો. CCIએ કાર નિર્માતા કંપનીઓના ઓપન માર્કેટમાં સ્પેર પાર્ટ્સનું વેચાણ ન કરવા પર કડક પગલાં રૂપે હ્યુન્ડાઈ મોટર ઇન્ડિયા લિ. પર આ દંડ ફટકાર્યો.

- **ભારતે એનયુએચએમ યોજનામાં સહયોગ માટે એડીબી સાથે લોન એગ્રીમેન્ટ કર્યા**

  ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી)એ રાષ્ટ્રીય શહેરી સ્વાસ્થ્ય મિશન (NUHM)ને સહયોગ આપવા માટે 30 અબજ ડોલરના એક લોન એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા. આ યોજનાનો હેતુ શહેરી વસ્તીની સ્વાસ્થ્ય સ્થિતિને સુધારવાનો છે.

- **બાંગ્લાદેશના સુંદરવનમાં વાઘની સંખ્યામાં ઝડપી ઘટાડો નોંધાયો**

  બાંગ્લાદેશના સુંદરવનમાં વાઘની વસ્તીમાં વર્ષ 2004થી 2015 વચ્ચે ઝડપથી ઘટાડો નોંધાયો. વાઘ ગણતરી 2015 અનુસાર બાંગ્લાદેશના સુંદરવનમાં વર્ષ 2004માં 440 વાઘ હતા જે 2015માં ઘટીને 106 થઇ ગયા. સુંદરવન 6097 ચોરસ કિમીમાં પથરાયેલ આ દેશનો એક માત્ર લીલો વન વિસ્તાર છે.

www.crackgpsc.com

- **સ્વચ્છ ભારત મિશન સંબંધી જાગૃતિ અભિયાન સ્પર્ધામાં મધ્ય પ્રદેશ આગળ**

  સ્થાનિક શહેરી નિગમમાં સ્વચ્છ ભારત મિશન સંબંધી જાગૃતિ અભિયાન સ્પર્ધામાં મધ્ય પ્રદેશ સૌથી આગળ છે. આ અભિયાન અંતર્ગત વિધાર્થીઓને શહેરી વિસ્તારોમાં સ્વચ્છ ભારત મિશન વિષે જાગૃત કરવા અને સ્વચ્છતાની જરૂરિયાત સમજાવવા માટે પ્રશ્નોત્તરી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

- **પ્રખ્યાત ગાયિકા વસુંધરા કોમકલીનું નિધન**

  પ્રખ્યાત ગાયિકા વસુંધરા કોમકલીનું નિધન થયું. તેઓ મુખ્ય ભારતીય શાસ્ત્રીય ગાયિકાઓમાંનાં એક તરીકે જાણીતા હતાં.

- **હિંદુસ્તાન અવામ મોર્ચા (સેક્યુલર)ને રાજનૈતિક પાર્ટીની માન્યતા મળી**

  ચૂંટણી પંચે બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝીની પાર્ટી 'હિંદુસ્તાન અવામ મોર્ચા - હમ' (સેક્યુલર)ને રાજનૈતિક પાર્ટીની માન્યતા આપી. 'હમ' આવનાર વિધાન સભા ચૂંટણીમાં પોતાના ચૂંટણી પ્રતિક સાથે ચૂંટણી જંગમાં સામેલ થઇ શકશે.

- **રાફેલ અને ભારતના કલ્યાણી ગ્રુપ વચ્ચે સમજૂતી**

  ભારતના કલ્યાણી ગ્રુપ અને ઇઝરાયેલના રાફેલે ભારતમાં સ્પાઈક એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ઉત્પાદન કરવા માટે એક સંયુક્ત સાહસ સ્થાપિત કરવાની ઘોષણા કરી. આ મુજબ 300થી અધિક લોન્ચર્સ અને 8000થી વધુ સ્પાઈક એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ઉત્પાદન કરવામાં આવશે.

- **'સેબી'એ સહારાના મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાયનું લાયસન્સ રદ કર્યું**

  સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ સહારાનું મ્યુચ્યુઅલ ફંડ વ્યવસાયનું લાયસન્સ રદ કરી દીધું. સેબી અનુસાર, સહારા આ કારોબાર કરવા માટે 'સક્ષમ અને ઉપયુક્ત' નથી.




www.crackgpsc.com

- **ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ એમેન્ડમેન્ટ બિલને મંજુરી**

  કેન્દ્રીય મંત્રીમંડળે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (GST) એમેન્ડમેન્ટ બિલ, 2014ને મંજુરી આપી. દારૂ અને પેટ્રો પ્રોડક્ટ્સને જીએસટીમાંથી બાકાત રાખવામાં આવશે. રાજ્ય બે વર્ષ સુધી 1% વધુ ટેક્સ વસુલી શકશે. જીએસટી લાગુ કરવાથી રાજ્યોને થનાર રેવન્યુ નુકસાનની ભરપાઈ કેન્દ્ર સરકાર 5 વર્ષો સુધી કરશે.

- **નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડની રચનાને મંજુરી**

  મંત્રીમંડળે ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ્સના વિકાસ માટે 20000 કરોડ રૂપિયાના નેશનલ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (NIIF)ની રચનાને મંજુરી આપી. આ સિવાય સ્થાનિક રોકાણને સુવિધાજનક બનાવવા માટે વૈકલ્પિક રોકાણ કોષ (AIF)માં વિદેશી રોકાણને મંજુરી આપવામાં આવી.

- **માઈક્રોસોફ્ટે વિન્ડોઝ 10 લોન્ચ કર્યું**

  દુનિયાની સૌથી મોટી કોમ્પ્યુટર ઓપરેટિંગ સિસ્ટમ નિર્માતા કંપની માઈક્રોસોફ્ટે ઓપરેટિંગ સિસ્ટમ વિન્ડોઝનું લેટેસ્ટ વર્ઝન 'વિન્ડોઝ 10' લોન્ચ કર્યું. વિન્ડોઝ 10 ડેસ્કટોપ, લેપટોપ, મોબાઈલ અને ટેબલેટ પર પણ કામ કરશે. માઈક્રોસોફ્ટના CEO સત્યા નડેલા છે.

- **કોટક બેંકે નોન-બેન્કિંગ સેક્ટર્સ માટે 'કોટક ભારત' એપ લોન્ચ કરી**

  કોટક મહિન્દ્રા બેંકે ભારતના દૂરસ્થ નોન-બેન્કિંગ સેક્ટર્સને બેન્કિંગ પ્રવૃત્તિઓથી જોડવા માટે 'કોટક ભારત' એપ લોન્ચ કરી. આ એપ સ્થાનિક ભાષામાં બેન્કિંગ સેવાઓ પૂરી પાડશે. આ માધ્યમથી મોબાઈલ અને ડીટીએચ રીચાર્જ જેવી સેવાઓનો પણ લાભ મળી શકશે. આના માધ્યમથી ગ્રાહક પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના જેવી સરકારી યોજનાઓનો પણ લાભ ઉઠાવી શકશે.

- **મુલ્લા અખ્તર મન્સૂર તાલીબાનના નવા પ્રમુખ નિયુક્ત**

  તાલીબાને પોતાના પ્રમુખ મુલ્લા ઉમરના મૃત્યુની પુષ્ટિની ઘોષણા સાથે મુલ્લા અખ્તર મન્સૂરને નવા પ્રમુખ નિયુક્ત કર્યા. નવ નિયુક્ત તાલીબાન પ્રમુખને પાકિસ્તાની અધિકારીઓના નજીકના ગણવામાં આવે છે.

- **આરબીઆઇએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 10 રૂપિયાના સિક્કા બહાર પાડ્યા**

  રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે 10 રૂપિયાના સિક્કા બહાર પાડ્યા. આ સિક્કાઓ ભારત સરકારની ટંકશાળ દ્વારા બનાવવામાં આવ્યા છે.

www.crackgpsc.com

- **મુંબઈ બોમ્બ બ્લાસ્ટના દોષી યાકુબ મેમણને ફાંસી આપવામાં આવી**

મુંબઈમાં વર્ષ 1993ના સીરીયલ બોમ્બ બ્લાસ્ટમાં મૃત્યુદંડ પ્રાપ્ત કરનાર એકમાત્ર દોષી યાકુબ મેમણને નાગપુર સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી. આ બ્લાસ્ટ્સમાં 257 લોકો માર્યા ગયા હતા તથા લગભગ 712 લોકો ઘાયલ થયા હતા. યાકુબ મેમણ વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હતો.




www.crackgpsc.com